નવેમ્બર-૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૫
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)

## શુભ દીપાવલી એવં નૂતન વર્ષાભિનંદન



*સર્વે સન્માનનિય સમાજબંધુઓ,*

*રામ રામ... જય સમાજ સહ સાદર વંદન...*

*વિક્રમ સંવત ૨૦૮૧ નું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં નવી આશા - ઉમંગ સાથે રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ એવં શાંતિ-સુરક્ષા, તંદુરસ્ત સ્વાસ્થ્ય, સદ્ભાવના લાવે તેવા શુભ સંદેશ સાથે સર્વે સમાજબંધુઓને દીપાવલી પર્વ અને નવા વર્ષની હાર્દિક શુભકામના...*

**'સમાજરત્ન'**
**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**(પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)**



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
## વાર્ષિક અધિવેશન - રાયપુર
### અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**તા. ૨૫, ૨૬, ૨૭ ડીસે. ૨૦૨૪ - બુધ, ગુરૂ, શુક્રવાર**

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



ગંગા ઘાટ, વારાણસી





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com



|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૫ નવેમ્બર-૨૦૨૪

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## તંત્રી સ્થાનેથી...

આદરણીય સમાજરત્ન તેમજ મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇના પાવન વિચારને લઇને તા. ૭,૮ ઓક્ટોબર ૫, ૬ નોરતાના દિવસે 'કુળદેવી દર્શન યાત્રા'નું આયોજન પ્રમુખશ્રી દ્વારા ગોઠવાયું. મને પણ તેમાં જવાનો મોકો મળ્યો, મારા માટે આ તમામ મંદિરના દર્શન પ્રથમ વખત અને કેટલાક ગામો વીડી, દિવળીયા અને કુંભારીયા પ્રથમ વખત જવાનું થયું. નવલા નોરતાના પવિત્ર દિવસોમાં બધા જ માતાજીઓના અને તેમના પૂજારીશ્રીઓ, ગોઠીભાઇઓને મળીને ખૂબજ આનંદ થયો. આ માતાજીની દર્શન યાત્રાએ વાસ્તવમાં આખા ભારતની સમાજ યાત્રા જેવી રહી કારણ કે દરેક મંદિરમાં વંસાવલી (આંબા) રૂપે આખા ભારતના તમામ લોકો દર્શન કરીએ તેવો ભાવ થયો સાથે આપણા પૂર્વજોનો ઇતિહાસ કેટલો ભવ્ય હતો તેનું દર્શન આપણા સમાજના ગામોમાં ખંડેર જોઇને કહી શકાય. આવો ભવ્ય ઇતિહાસ એક એક ખંડેરની ભવ્ય વાતો સાંભળી રોમાંચીત થયા જેથી ગૌરવનો પણ અનુભવ થયો અને આજે એના વંશજ પોતાનો ઇતિહાસ સાંભળવા કે જોવા પણ તૈયાર નથી. બહાર વસતા કેટલાક પરિવારો પોતાના પૂર્વજોના ભવ્ય ઇતિહાસને જોવાની ઇચ્છા ન થવી એ દુ:ખની બાબત છે. તેને સાંચવજો પણ જોઇએ. માતાજીના દર્શને આવવું જોઇએ એવો જે લોકો ક્યારેય કચ્છ નથી આવ્યા તેને મારો આગ્રહપૂર્વક અપીલ છે કે એક વખત જરૂર પોતાના વતનની માટીની સુગંધ પૂર્વજોના પરાક્રમની ભૂમિ, પોતાના કુળની રક્ષા કરવા વાળી કુળદેવી માંનને નતમસ્તક થવું એ સૌભાગ્ય છે. આ સૌભાગ્ય જવું ન કરવું જોઇએ.

બધા જ માતાજીના મંદિરોમાં કેટલાક ગોઠી ભાઇઓ ખૂબ સક્રિય છે. તેમના મંદિરો ભવ્ય અને જાગૃત છે. કટલાક માતાજીના ગોઠી ભાઇઓની શ્રદ્ધા ઓછી હોય તેવા મંદિરોની સ્થિતિ તેના સુશોભન તેના રખરખાવ, તેની પૂજા કરવાની સ્થિતિ પરથી સ્પષ્ટ જણાતું હતું. તો સર્વે ગોઠી ભાઇઓએ પોતાના માતાજી વર્ષમાં સ્થાનિકે હોય તો બે થી ચાર વખત અને બહાર હોય તો એક થી બે વખત જરૂર જવું જોઇએ. અનુભવે ધ્યાનમાં આવે ''જેની માં સુખી તેના સંતાન સુખી હોય'' એટલે મહેરબાની કરી જનેતા માં અને કુળદેવી માંને સંભાળજો. દુ:ખી ન થાય તેનું ધ્યાન રાખજો. ત્રીજી એક બાબત ધ્યાનમાં આવી કે આંબા, માતાજીનું નામ, અટક એકજ છે પણ માતાજી જુદા જુદા છે. ઘણા માતાજી એક થઇ શકે તેમ છે. કરવા ન કરવા એ ચર્ચાનો વિષય છે. પરંતુ ઘણા પરિવાર ખૂબ નાના છે તે સંભાળી નથી શકતા તો તેના મુળ માતાજી સાથે ભળી જવાનો વિચાર ખોટો નથી. પરંતુ જો તમે ધૂપદિપ સારી રીતે કરો છો તો જરૂર પણ નથી.

ચોથો મુદ્દા ધ્યાનમાં આવ્યો કે આપણી વંસાવલી જોતા લગભગ આંબા ૧૦ પેઢીથી ઉપરના હતા તેમાં દર પેઢીએ સંખ્યા વધતી જાય તે સ્વાભાવીક છે. પરંતુ છેલ્લી પેઢીમાં દરેક આંબા સંખ્યા ઘટતી જાય છે. જે વધવી જોઇએ તે ઘટવા લાગી છે. તેના પરથી કહી શકાય કે અગાઉ આપણી વસ્તી ૬૦ થી ૭૦ હજાર હતી તે ઘટીને હવે ૫૦ થી ૫૫ હજાર થઇ છે. અને આવતા ૧૦ વર્ષમાં એ ૩૫ થી ૪૦ હજાર થશે. જો આપણે વધુ સંતાન વિષય નહીં ચલાવીએ તો અને લાંબા સમયે ત્રણથી ચાર દાયકામાં આપણી જ્ઞાતી રહેશે નહીં તે (આંબા) વંસાવલીના આધારે ધ્યાનમાં આવે છે.

મહાસભાના જવાબદાર વ્યક્તિ તરીકે આ તમામ બાળકો પર દરેક સમાજબંધુ વિચાર કરે અને જાગૃત થાય અને તે માટે પ્રયત્નશીલ થાય તેવી અપીલ કરૂં છું. ધ્યાનમાં આવે છે કે આ અંગે ઘટકો, પ્રાદેશિક સમિતિઓ પણ વિચાર કરે અને પ્રયત્ન કરે તે જરૂરી છે.

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે દિવાળીનો પાવન પર્વ અને નૂતન વર્ષની ઉજવણી આપે કરી હશે. આ બંને તહેવારો નિમિત્ત આપ સૌને અભિનંદન, વધાઇ તેમજ આવતું નવું વર્ષ સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સંગઠનની પ્રાપ્તી આપનારૂં બની રહે તેવી હૃદયપૂર્વકની ખૂબ ખૂબ શુભકામનાઓ... જય સમાજ...

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપરને સમાજ દ્વારા 'સમાજરત્ન'નું બહુમાન મળ્યા બાદ મહાસભાના પ્રમુખ પદનો પદભાર ગ્રહણ કર્યા બાદ માતાજીના નવલા આસો નોરતા દરમ્યાન છઠ્ઠ અને સાતમના બે દિવસ દરમ્યાન તેમના કુળદેવી શ્રી મોમાઇ માતાજી, શ્રી રામચંદ્ર ભગવાન, શ્રી દ્વારીકાધીશ, ગુરૂ શ્રી ઓમકારદાસજી મહારાજ, માતૃશ્રી સ્વ. પુષ્પાબેન તથા પિતાશ્રી સ્વ. પુરૂષોત્તમભાઇ ડાયાભાઇ સોલંકીના આશીર્વાદથી કચ્છના ૧૮ ઘટકોમાં બિરાજમાન સમસ્ત સમાજના ૮૦ કુળદેવી માતાજીના દર્શન કરવાનું ઐતિહાસિક કાર્ય મહાસભા, કચ્છ પ્રાદેશિક તથા ઘટક પ્રમુખશ્રીઓની સાથે પૂર્ણ કરેલ. સમસ્ત સમાજ માટે સુખ–શાંતિ, સમૃદ્ધિ, સંગઠન–એક્તા બની રહે અને સમાજનો સર્વાંગી વિકાસ થાય તેવી શુભ ભાવના સાથે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના કરેલ.


સોલંકી પરિવારના કુળદેવી
શ્રી મોમાઇ માતાજી તથા
શ્રી સિકોતર માતાજી – માધાપર


પ્રભુશ્રી રામચંદ્ર ભગવાન


રાજાધિરાજ શ્રી દ્વારિકાધીશ


ગુરૂ શ્રી ઓંમકારદાસજી મહારાજ


માતૃશ્રી સ્વ. પુષ્પાબેન તથા પિતાશ્રી સ્વ. પુરૂષોત્તમભાઇ ડાયાભાઇ સોલંકી – માધાપર








સોલંકી નુખના કુળદેવી શ્રી મોમાય માતાજી – માધાપર દેવસ્થાનથી યાત્રાનો શુભારંભ

## સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....



રાઠોડ (કમધજીયા)ના કુળદેવી શ્રી મોમાય ચામુંડા માતાજી – માધાપર





વેગડ (ચુડાસમા)નુખના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી – માધાપર



ટાંક (બુડાણીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – માધાપર



ચૌહાણ (કાયા)ના માતાજી શ્રી બ્રહ્માણી માતાજી – નાગોર



રાઠોડના કુળદેવી શ્રી ચાવલ માતાજી – કુકમા



ચૌહાણના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – કુકમા



ગોહિલના કુળદેવી શ્રી વિસલ માતાજી – કુકમા



ચૌહાણના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – કુકમા (જાંબુડી)



ટાંકના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – કુકમા



પરમારના કુળદેવી શ્રી મોમાય માતાજી – કુકમા



વાઘેલાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – રેહા



ચૌહાણના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – રેહા

## સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


ચૌહાણના કુળદેવી શ્રી ચાવલ માતાજી – રેહા


પરમાર (મુરાણી)ના કુળદેવી શ્રી ત્રુઠીયાણ માતાજી – રેહા


યાદવના કુળદેવી શ્રી ચાવલ માતાજી – હાજાપર


પરમારના કુળદેવી શ્રી પીઠડ માતાજી – હાજાપર


સોલંકીના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – જાંબુડી


વરૂ પરમારના કુળદેવી શ્રી ચાવલ માતાજી – હાજાપર


ટાંક (કાચા–કેસરીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – ખંભરા


ચાવડાના કુળદેવી શ્રી બ્રહ્માણી–ચામુંડા માતાજી – ચંદિયા


વેગડ (ચુડાસમા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – લોહારીયા


રાઠોડ (કમધજીયા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – ખેડોઇ


રાઠોડના કુળદેવી શ્રી બુટભવાની માતાજી – ખંભરા


ટાંક (બોરાડીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – ખંભરા


વાઢેર (ટાંક)ના કુળદેવી શ્રી મોમાય માતાજી – સિનુગ્રા

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


ચૌહાણ (રાઘવાણી)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – સિનુગ્રા


ટાંક (અબોચા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – સિનુગ્રા


ટાંક (પાટણીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી
અને શ્રી સિકોતર માતાજી – સિનુગ્રા


ટાંક (ચિત્રોડા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – નાગલપર


વરૂ પરમાર (નાગલપર)ના કુળદેવી
શ્રી ત્રુઠીયાણ–ચામુંડા માતાજી – નાગલપર


ચૌહાણ (કાચા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – નાગલપર


જેઠવા (પોરીયા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – નાગલપર


રાઠોડ (ક્રમધજીયા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – ચાવલ માતાજી – નાગલપર


ટાંક (સાપરીયા)ના કુળદેવી શ્રી ચાવલ માતાજી – શ્રી ચામુંડા માતાજી – નાગલપર


ચૌહાણ (સોનગરા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – નાગલપર


રાઠોડ (પાંચાણી–ગદાણી)ના કુળદેવી શ્રી મોમાય માતાજી – દેવળીયા


ચાવડાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી, ચાવડા (ટાંક કાંકેરચા)ના કુળદેવી શ્રી સિકોતર માતાજી – દેવળીયા

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

## મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


પરમાર (પેડુતરા પરમાર)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી - શ્રી ચામુંડા માતાજી - દેવળીયા


ટાંકના કુળદેવી શ્રી બુટભવાની માતાજી - દેવળીયા


મારૂના કુળદેવી શ્રી સિકોતર માતાજી શ્રી બ્રહ્માણી માતાજી - દેવળીયા


પરમારના કુળદેવી શ્રી મોમાય માતાજી દેવળીયા


રાઠોડ (ત્રિકમાણી)ના કુળદેવી શ્રી ચાવલ માતાજી - દેવળીયા


ચૌહાણ(પાકા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી શ્રી ચામુંડા માતાજી - દેવળીયા


ટાંક (સોનલા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી - દેવળીયા


રાઠોડ (ભલસોડ)ના કુળદેવી શ્રી બુટભવાની માતાજી - દેવળીયા


વરૂ પરમારના કુળદેવી શ્રી ચામુંડા માતાજી - દેવળીયા


ટાંક (સાપરીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી - દેવળીયા


સોલંકીના કુળદેવી શ્રી ચાવલ માતાજી - દેવળીયા


કચ્છ દર્શન સમિતિના પ્રભારી અને મહાસભાના ઉપપ્રમુખ શ્રી લાધુરામભાઈ રાઠોડનું સન્માન કરતા મહાસભા પ્રમુખશ્રી


દેવળીયા ઘટક દ્વારા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે પધારેલ સમસ્ત પદાધિકારીશ્રીઓનું સ્વાગત-સન્માનની તસવીર...

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર (કચ્છ)**

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


ચૌહાણના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી કુંભારીયા


સાવરીયા (ચુડાસમા)ના કુળદેવી શ્રી ચાવલ માતાજી – કુંભારીયા


ચૌહાણના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી કુંભારીયા


ચાવડાના કુળદેવી શ્રી સિકોતર માતાજી કુંભારીયા


વેગડ (ચુડાસમા)ના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી – કુંભારીયા


જેઠવાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી શ્રી ચામુંડા માતાજી – કુંભારીયા


રાઠોડ (ઘમેલીયા)ના કુળદેવી શ્રી ચાવલ માતાજી શ્રી બ્રહ્માણી માતાજી – કુંભારીયા


રાઠોડના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – કુંભારીયા


સોલંકીના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – શ્રી બ્રહ્માણી માતાજી – કુંભારીયા


સોલંકીના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – વીડી


ટાંક (સાપરીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – મેઘપર (કુંભારડી) અંજાર


વાઘેલાના કુળદેવી શ્રી ચામુંડા માતાજી અંજાર


સોલંકી (ચાયકીયા)ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – અંજાર


મકવાણાના કુળદેવી શ્રી કાલીકા માતાજી – અંજાર

## સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

# મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


રાઠોડ (કમધજીયા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – અંજાર


રાઠોડ (ખરસાણી)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – અંજાર


પઢિઆર (પડિહાર)ના કુળદેવી શ્રી મોમાય માતાજી – અંજાર


વરૂ પરમારના કુળદેવી શ્રી ત્રુઠીયાણ માતાજી શ્રી ચામુંડા માતાજી શ્રી હરસિદ્ધી માતાજી – અંજાર


પરમાર (મૈયાણી)ના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી – અંજાર


વેગડ (ચુડાસમા)ના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી – અંજાર


ગોહિલના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – શ્રી ચામુંડ માતાજી – અંજાર

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

## મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....


ચૌહાણ (કાચા)ના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી – અંજાર


રાઠોડ (ભલસોડ)ના કુળદેવી શ્રી બુટભવાની માતાજી – અંજાર


સોલંકીના કુળદેવી શ્રી સાવલ માતાજી – રેહા


લક્ષ્મીનારાયણ મંદિર દેવળીયાના પૂજારી


મૈયાણી પરમારના કુળદેવી –અંજારના પૂજારી


જેઠવા પરિવાર – અંજારના કુળદેવીના પૂજારી


જેઠવાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી શ્રી ચામુંડા માતાજી – અંજાર


પરમારના કુળદેવી શ્રી ચામુંડા માતાજી – મેઘપર (કુંભારડી) – અંજાર


ખાખચોક મંદિર, કુંભારીયા મહંતશ્રી અમરદાસજી મહારાજ સાથેની તસવીર...


દેવળીયા ઘટક દ્વારા મહાસભાના હોદ્દેદારશ્રીઓના સન્માનની તસવીર...

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

## મહાસભા આદ. પ્રમુખશ્રીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનયાત્રાની તસવીરો....





ખોડિયાર (ચુડાસમા)ના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી – અંજાર













**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

*પ્રમુખ સ્થાનેથી...*

## મહાસભાની કચ્છ દર્શન સમિતિ અને કચ્છ પ્રાદેશિક સમિતિના નેજા હેઠળ મહાસભાના આદ. પ્રમુખ

# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીનો સમસ્ત સમાજના ૮૦ કુળદેવીનો દર્શન પ્રવાસ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા તેમની બન્ને પાંખો અને ભારતના દરેક ઘટકોના સૌ સમાજબંધુઓની અંતરની લાગણીથી ૨૦૧૮માં પુના મધ્યે 'સમાજરત્ન' અર્પણ કરી જાહેર સન્માન કરેલ ત્યારથી જ મનમાં એક લાગણી ઉત્પન્ન થયેલ કે મારે સમસ્ત સમાજના ૮૦ કુળદેવીના દર્શનનો લાભ લેવો છે. વધુમાં વડોદરા મુકામે જ્યારે મહાસભા પ્રમુખનો પદભાર સોંપવામાં આવ્યો ત્યારે આ ભાવ વધુ પ્રબળ બન્યો. નવરાત્રીમાં શક્તિની આરાધનાના પાવન દિવસોમાં દરેક કુળદેવીના દર્શનનું આયોજન નવરાત્રીના પવિત્ર પર્વ નિમિત્તે આપણા સમાજના અઢારે ગામમાં આવેલ વિવિધ નુખના કુળદેવી માતાજીના દર્શન કરવાનો અને સમસ્ત સમાજની પ્રગતિ અર્થે માતાજીની આરાધના કરવા માટે આસો સુદ-પાંચમ અને આસો સુદ-છઠ્ઠ, તા. ૮,૯ ઓક્ટોબર-૨૦૨૪, મંગળવાર અને બુધવારના બે દિવસ દરમ્યાન ગોઠવાયું અને વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડિયાર, મહામંત્રી શ્રી વિનોદભાઈ પઢિઆર, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકી, ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઈ પરમાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઈ ચૌહાણ, પૂર્વ પ્રાદેશિક પ્રમુખ શ્રી હિંમતલાલભાઈ રાઠોડ, શ્રી ભરતભાઈ વેગડ, શ્રી અનિલભાઈ ખોડિયાર, ફોટોગ્રાફર શ્રી દિવ્યમભાઈ વગેરેનો સહકાર મળ્યો અને કુળદેવી દર્શનની દિવ્ય યાત્રાની શરૂઆત તા. ૮,૯ ઓક્ટોબરના બે દિવસ દરમ્યાન માધાપર સોલંકી પરિવારના કુળદેવીના મંદિરથી કરવામાં આવી.

તા. ૮-૧૦-૨૦૨૪, મંગળવારના માધાપર, નાગોર, કુકમા, રેહા, હાજાપર, જાંબુડી, ચંદિયા, લોવારીયા, ખેડોઇ, ખંભરા, સિનુગ્રા અને નાગલપરમાં વિવિધ નુખના કુળદેવી માતાજીના સ્થાનકે દર્શનનો લાભ લીધેલ. ત્યાર બાદ તા. ૯-૧૦-૨૦૨૪, બુધવારના સવારથી દેવળીયા, કુંભારીયા, વીડી, મેઘપર, અંજાર મધ્યે બિરાજતા કુળદેવી માતાજીના દર્શનનો અવસર પ્રાપ્ત થતાં અનેરા આનંદની ધન્યતા અનુભવી હતી.

દરેક ગામમાં માતાજીના ગોઠી ભાઇ-બહેનો, મંદિરના પૂજારી તેમજ ઘટકના હોદ્દેદારો ખાસ હાજર રહી ઉમળકાભેર સ્વાગત-સત્કાર કરી રહ્યા હતા. દરેક મંદિરોમાં ગોઠી ભાઇઓ નવરાત્રીના અવસરે માંની આરાધના કરતા જોવા મળ્યા હતા. જ્યાં ગયા ત્યાં સમાજબંધુઓએ અમારા માટે પાણી, લીંબુ શરબત, ચા-નાસ્તાની સુંદર વ્યવસ્થા કરી હતી. મહાસભાના અધ્યક્ષ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી પરિવાર તરફથી દરેક કુળદેવી સ્થાનકોમાં ઘી, અગરબત્તી, પ્રસાદ, નાળીયેર, છતર, ચુંદડી અને રૂા. ૫૧૦૦/- મંદિરના કાર્ય અર્થે ઉપયોગ કરવા અર્પણ કરવામાં આવ્યા હતા. તે જ રીતે મંદિરમાં દિવાબત્તી, ધૂપ કરનાર પૂજારીશ્રીને શાલ ઓઢાળીને રૂા. ૧૧૦૦/- પ્રતિક ભેટ અર્પણ કરી તેમને પ્રણામ કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. નાની નાની કળશધારી બાળકાઓને જોઇને સાક્ષાત મા શક્તિના દર્શન થવાનો ભાવ જાગૃત થયો હતો.



દરેક મંદિરે પૂજા-અર્ચના, આરતી તેમજ માતાજીની સ્તુતિ કરવામાં આવી હતી. દરેક મંદિરોમાં મુકેલ કુળના વંશાવલી આંબાનો અભ્યાસ કરવામાં આવી રહ્યો હતો. દરેક મંદિરોમાં ગોઠી ભાઇઓના અલગ-અલગ વિચારો અને અંતરની લાગણી, ધગશ અને કુળદેવી માતાજીના મંદિર માટે કંઇક કરવાની અદમ્ય ઇચ્છાને પરિણામે દરેક જગ્યાએ વિવિધતા જોવા મળી રહી હતી. કુળદેવી મંદિરના ગોઠી ભાઇઓ-બહેનો નવરાત્રી પર્વ જેવા દિવસોમાં વ્યસ્ત હોવા છતાં પોતાનો સમય આપી કુળદેવી મંદિરોમાં હાજર રહ્યા હતા. કોઇ જગ્યાએ ઢોલથી સામૈયું તો કોઇ જગ્યાએ હારતોરા કરી શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.

કુળદેવી માતાજીના દર્શન કરી પ્રાર્થના કરવામાં આવી હતી કે હે મા ! ''તારા ઘણા બધા ગોઠી ભાઇઓ કે જે બહાર ગામ વસવાટ કરે છે અને તારી પાસે માથું નમાવવા આવી શકતા નથી તો આવા દરેક સમાજબાંધવો વતિથી તારા ચરણમાં વંદન કરી પ્રાર્થના કરીએ છીએ અને અરજ કરીએ છીએ કે તમારા સર્વે ગોઠી ભાઇઓને સુખ-શાંતિ અને સમૃદ્ધી પ્રદાન કરજો'' એવી અરજ કરવામાં આવી હતી. દરેક માતાજીના કુળદેવી સ્થાનકોમાં દર્શને જવાથી તે કુળની ઉત્પતિ અને ગામમાં આગમન કેવી રીતે થયું તેમજ પરિવારનો ઇતિહાસ જાણવા મળેલ હતો.

વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર દરેક કુળદેવી સ્થાનકોએ ગોઠી ભાઇઓને કુળદેવી દર્શન યાત્રાનો હેતુ અને આયોજન વિશે માહિતિ આપતા હતા. કુળદેવી સ્થાનકોની સાથે સાથે આપણા વડિલો દ્વારા દરેક ગામમાં બનાવેલ દ્વારા દરેક ગામમાં બનાવેલ મંદિરો તેમજ અન્ય સ્થાપત્યોની જાણવા જેવી માહિતિ મળી હતી. આપણા વડિલોએ ઉભી કરેલી વ્યવસ્થા, ગામોની રચના-મેળીબંધ મકાનો, ઠાકર મંદિરો, ભવ્ય ઇમારતો, શાળાઓ, તળાવો, બાંધકામ શૈલી જેવી ભવ્ય ઇમારાતોની ઝાંખી જોઇ સમાજના ભવ્ય ગૌરવવંતા વારસાની અનુભૂતિ થઇ હતી. સાથે સાથે કુળદેવી સ્થાનકોમાં આસ્થા-ભક્તિનું વધેલ પ્રમાણ પણ આનંદ આપી રહ્યું હતું. સમય મુજબ જે પણ ભાઇઓ આ યાત્રામાં જોડાયા હતા તે સર્વેના મુખ પર દર્શન કરી ધન્ય બન્યાની લાગણી જોવા મળી રહી હતી.

જે-જે ગામોમાં દર્શન કરવા ગયા ત્યાં ઘટકો દ્વારા પણ આદર-સત્કાર, અલ્પાહાર અને સન્માન કરવામાં આવ્યું હતું. અંજારમાં તો વરૂ, વેગડ, મૈયાણી પરમાર અને ગોહિલ પરિવારના સંયુક્ત સંકુલમાં ચારેય કુળના ભાઇઓ દ્વારા સત્કાર સમારોહનું





આયોજન કરવામાં આવ્યું હતું. તો ખોડિયાર ચુડાસમા માતાજીના સ્થાનકે તો સમગ્ર પરિવારના સમુહ ભોજનના આયોજન સાથે ભવ્ય સત્કાર-સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



માતાજીના દર્શનની સાથે સાથે ગામની સમસ્યાઓ, સમાજબંધુઓની સમસ્યાઓ, માઇગ્રેશનનું પ્રમાણ, ગામમાં ધંધા-રોજગારની તકો અને ઔદ્યોગીકરણને પરિણામે ભવિષ્યમાં ગામની જમીનની ઉપયોગીતા અને મુલ્યવર્ધનની માહિતિ પણ મેળવેલ હતી. ગામમાં મંદિરો, શાળાઓ અને વડિલોએ બંધાવેલ અન્ય મિલ્કતોની સાચવણી અંગે પણ માહિતિ મેળવી ચર્ચા કરવામાં આવી હતી.

કુળદેવી દર્શન યાત્રાની પૂર્ણાહુતિ ખોડિયાર (ચુડાસમા) માતાજીના દેવસ્થાન અંજાર મધ્યે સામૈયું કરી ભવ્ય આતિશબાજી દ્વારા તેમજ દરેક મહાનુભાવોનું સ્વાગત-સન્માન કરવામાં આવેલ. ઉપરોક્ત કુળદેવી દર્શન યાત્રામાં ઘટક પ્રમુખશ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા - માધાપર, શ્રી વિજેશભાઇ ધનજીભાઇ સોલંકી - નાગોર, શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ - કુકમા, શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ - રેહા, શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ - હાજાપર, શ્રી મણીલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - ચંદીયા, શ્રી ધીરજભાઇ અરજણભાઇ પરમાર - લોહારીયા, શ્રી દલપતભાઇ ગોવિંદભાઇ રાઠોડ - ખેડોઇ, શ્રી રમેશભાઇ કાંતિલાલભાઇ પરમાર - ખંભરા, શ્રી ધરમશીભાઇ પ્રાગજીભાઇ વાઢેર - સિનુગ્રા, શ્રી મોહનલાલ પરસોત્તમભાઇ રાઠોડ - નાગલપર, શ્રી હેમુભાઇ ભવાનભાઇ ચાવડા - દેવળીયા, શ્રી હેમરાજભાઇ નારણભાઇ રાઠોડ - કુંભારીયા તથા શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર તેમજ અન્ય મહાનુભાવો પોતાની અનુકુળતા અનુસાર વિવિધ ઘટકોમાં કુળદેવીના દર્શન-પ્રવાસમાં માર્ગદર્શ આપીને સાથે જોડાયેલ હતા.

આમ, સમગ્રતયા જોવા જઇએ તો આ કુળદેવી દર્શનયાત્રાના ફળ સ્વરૂપે નવલા નોરતા જેવા પાવન પ્રસંગે શક્તિની આરાધનાના ભક્તિમય દિવસોમાં દર્શનની સાથે સાથે સમાજબંધુઓને મળીને માના દર્શનની સાથે સાથે સમાજ દર્શન, સમાજ ચિંતન, સંગઠન, ચર્ચા-વિચારણા સમાજબંધુઓના



હાલચાલ પુછવાનો અને તેમની મુશ્કેલીઓને સાંભળવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત થયો. આ અવસર જેમણે અપાવ્યો એવા પ્રભુ શ્રી રામ અને ગુરૂદેવના આશીર્વાદથી જ શક્ય બન્યું છે તેવા ભાવને લઇને આપણે તો નિમિત્ત માત્ર છીએ કુદરતની કૃપા જ આપણી પાસે સનાતન ધર્મ અને પરંપરાને સાચવવાના કાર્યો કરાવી રહેલ છે એવી અનુભૂતિ થયેલ છે અને આ જ બળ આપણને વધુ સારી રીતે સામાજીક કાર્યો કરવા પ્રેરણા આપી રહેલ છે. જય સમાજ... જય સીયારામ...



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાના મંચથી




**પ્રમુખશ્રી મહાસભા**

*'સમાજરત્ન'*

*શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી*

જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020

Mob. 9925229079

**વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા**

*શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર*

'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,

કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110

Mob. 09408244644


શુભ દિપાવલી

**'મહાસભા મંચથી' સર્વે સમાજબંધુઓને**

**દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

નૂતન વર્ષાભિનંદન

વ્હાલા સમાજબંધુઓ...

રામ રામ... જય સમાજ...

મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી - માધાપર, મહાસભાના સર્વે હોદ્દેદારશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, વિશેષ આમંત્રિતશ્રીઓ, સલાહકારશ્રીઓ, પ્રાદેશિક પ્રમુખશ્રીઓ, દરેક ઘટક પ્રમુખશ્રીઓ, મહિલા મંડળ પ્રમુખશ્રીઓ, યુવા મંડળ પ્રમુખશ્રીઓ, મહાસભાની બંને પાંખો અખિલ ભારતીય મહિલા મહામંડળ એવં અખિલ ભારતીય યુવા મહામંડળ તેમજ અન્ય મહાનુભાવશ્રીઓ તરફથી સૌને દીવાળીના પાવન પર્વની હાર્દિક શુભકામના... તેમજ આવતું નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૧ સર્વે સમાજબંધુઓ માટે મનોકામના પૂર્ણ નિવડે, ભગવાન શ્રી રામની આપણા સર્વે પર કૃપાદષ્ટિ બની રહે, સમસ્ત સમાજનો સ્વર્ણિમ વિકાસ થાય, સૌ સમાજબંધુઓ માટે નૂતન વર્ષ શુભ, મંગલકારી, રિદ્ધિ-સિદ્ધી-સમૃદ્ધિ આપનારું બની રહે, શારીરિક-માનિસક સુખાકારી આપનારું, સમાજમાં સંગઠન, એક્તા, ભાઈચારો જળવાઈ રહે તેવી શુભ આશા સાથે હાર્દિક શુભકામનાઓ... જય સમાજ... જય સીયારામ...

વિનિત : વિનોદ મોહનલાલ ખોડિયાર - અંજાર

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણને માન આપી, રાયપુર ઘટક આયોજીત સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સાથે મહાસભાનું વાર્ષિક અધિવેશન એવં અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન તા. ૨૫,૨૬,૨૭ ડીસેમ્બર-૨૦૨૪, બુધ, ગુરૂ, શુક્રવારના યોજાઈ રહ્યું છે. જેમાં સમસ્ત સમાજબંધુઓને ઉત્સાહભેર ઉપસ્થિત રહેવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૫/૧૨/૨૦૨૪, બુધવાર, સમય : સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક સુધી**

**તા. ૨૬/૧૨/૨૦૨૪, ગુરૂવાર, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦, બપોરે ૪.૦૦ થી ૭.૦૦ કલાક સુધી, સ્થળ : રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી

★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન

★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી

★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો

★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય

★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત

★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૪** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

**વિશેષ નોંધ :- મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં લાવવા.**

**સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - મહામંત્રીશ્રી મહાસભા**

**શોપ નં. ૫, બાલાજી ચેમ્બર્સ-૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ-ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮**

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ તથા સર્વે ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બન્ને પાંખો, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૭/૧૨/૨૦૨૪, શુક્રવાર, સમય : સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી**
**સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી

★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી નું ઉદ્‌બોધન તથા વાર્ષિક પ્રતિવેદન

★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી

★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ

★ મહાસભાના મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓના અહેવાલ

★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ

★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો

★ કાર્યવાહક સમિતિની સભામાં થયેલ સુચન-સુઝાવોની જાણકારી તથા બહાલી

★ અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખશ્રી એવં અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન

★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચનો

★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતીથી અન્ય રજુઆત

★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર ઘટક આયોજીત

## ૧૭૧ પોથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ, મહાસભાનું વાર્ષિક અધિવેશન અને અખિલ ભારતીય વિરાટ મંગળ પરિચય સંમેલનની સમયસારણી

| ક્રમ | દિનાંક | આયોજન વિવરણ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦/૧૨/૨૪, શુક્રવાર | આવાસ વ્યવસ્થા | સવારે ૧૦.૦૦ કલાકે | આયોજન સ્થળ |
| ૨ | | પોથી સંખ્યા એલોટમેન્ટ | સવારે ૧૧.૦૦ કલાકે | આયોજન સ્થળ |
| ૩ | | યજમાનશ્રીઓ સાથે મીટીંગ | બપોરે ૨.૩૦ કલાકે | વૃંદાવન હોલ |
| ૪ | | દેહ શુદ્ધિકરણ | સંધ્યા ૬.૦૦ કલાકે | નિજ સુવિધાનુસાર |
| ૫ | | સ્થળ શુદ્ધિકરણ | સંધ્યા ૭.૦૦ કલાકે | આયોજન સ્થળ |
| ૬ | ૨૧/૧૨/૨૪, શનિવાર | પોથીજી યાત્રા | સવારે ૮.૦૦ કલાકે | શ્રી હનુમાન મંદિર |
| ૭ | | પોથીજી આગમન | સવારે ૯.૦૦ કલાકે | વૃજધામ |
| ૮ | | ભાગવતજી સ્થાપના આરતી | સવારે ૯.૩૦ કલાકે | વ્યાસપીઠ |
| ૯ | | કથા પ્રારંભ | સવારે ૧૦.૦૦ કલાકે | વ્યાસપીઠ |
| ૧૦ | ૨૨/૧૨/૨૪, રવિવાર | વરાહ પ્રાગટ્ય | સમય | વ્યાસપીઠ |
| ૧૧ | | કપિલ પ્રાગટ્ય | સમય | વ્યાસપીઠ |
| ૧૨ | ૨૩/૧૨/૨૪, સોમવાર | નૃસિંહ અવતાર | સમય | વ્યાસપીઠ |
| ૧૩ | ૨૪/૧૨/૨૪, મંગળવાર | વામન અવતાર | સવારે ૧૧.૦૦ કલાકે | વ્યાસપીઠ |
| ૧૪ | | શ્રી રામ જન્મ | બપોરે ૧૨.૦૦ કલાકે | વ્યાસપીઠ |
| ૧૫ | | શ્રી કૃષ્ણ જન્મ | સંધ્યા ૬.૦૦ કલાકે | વ્યાસપીઠ |
| ૧૬ | ૨૫/૧૨/૨૪, બુધવાર | મેરેજ બ્યુરો રજીસ્ટ્રેશન | સવારે ૯.૦૦ કલાકે | મુખ્ય ભવનની પાસે |
| ૧૭ | | શ્રી કથા પ્રારંભ | સવારે ૯.૩૦ કલાકે | મુખ્ય વ્યાસપીઠ |
| ૧૮ | | ધ્વજારોહણ | સવારે ૧૧.૩૦ કલાકે | આયોજન સ્થળ ભવન પાસે |
| ૧૯ | | ઉદ્‌ઘાટન સત્ર (મેરેજ બ્યુરો/અધિવેશન) | બપોરે ૧૨.૩૦ કલાકેથી | વૃંદાવન હોલ |
| ૨૦ | | મેરેજ બ્યુરો મેન્ટર સેવા પ્રારંભ | બપોરે ૧૨.૦૦ કલાકે | મુખ્ય ભવનની બાજુમાં |
| ૨૧ | | મહાસભા/મહિલા/યુવા મહામંડળ કારોબારી સભા | બપોરે ૩.૩૦ કલાકેથી | મુખ્ય ભવનના ત્રણેય હોલમાં |
| ૨૨ | | શ્રી અન્નકુટ મહોત્સવ | સંધ્યા ૫.૦૦ કલાકે | વ્યાસપીઠ |
| ૨૩ | | મંગળ પરિચય વિશેષ આયોજન | સંધ્યા ૬.૩૦ કલાકે | મુખ્ય મંચ વૃજધામ |
| ૨૪ | ૨૬/૧૨/૨૪, ગુરૂવાર | મહાસભા કારોબારી સભા | સવારે ૧૦.૦૦ કલાકે | મુખ્ય હોલ |
| ૨૫ | | અ.ભા.મહિલા મહામંડળ સામાન્ય સભા | સવારે ૧૦.૦૦ કલાકેથી | મુખ્ય ભવન હોલમાં |
| ૨૬ | | અ.ભા.યુવા મહામંડળ સામાન્ય સભા | બપોરે ૩.૦૦ કલાકેથી | મુખ્ય ભવન હોલમાં |
| ૨૭ | | મહાસભા કારોબારી સભા | સંધ્યા ૪.૦૦ કલાકેથી | મુખ્ય હોલમાં |
| ૨૮ | | શ્રી રૂક્ષ્મણી વિવાહ | સંધ્યા ૪.૩૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| ૨૯ | | મંગળ પરિચય સ્પેશલ દાંડિયારાસ | સંધ્યા ૬.૩૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| ૩૦ | ૨૭/૧૨/૨૪, શુક્રવાર | મહાસભા સામાન્ય સભા | સવારે ૧૦.૦૦ કલાકેથી | મુખ્ય હોલમાં |
| ૩૧ | | ઓનલાઇન મંગળ પરિચય | સવારે ૧૦.૦૦ કલાકેથી | મુખ્ય હોલની બાજુમાં |
| ૩૨ | | શ્રી કથા વિજય | સંધ્યા ૪.૩૦ કલાકે | મુખ્ય મંચ વૃજધામ |
| ૩૩ | | કલાકાર સમ્માન | સંધ્યા ૪.૩૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| ૩૪ | | સમ્માન સમારોહ | સાંજે ૫.૦૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| ૩૫ | | મંગળ પરિચય વિશેષ આયોજન | સંધ્યા ૬.૩૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| ૩૬ | ૨૮/૧૨/૨૪, શનિવાર | શ્રી પૂર્ણાહુતિ યજ્ઞ | સવારે ૧૦.૦૦ કલાકેથી | મુખ્ય મંચ વૃજધામ |
| | | શ્રી નાતેડું અને મહાપ્રસાદ | બપોરે ૧૨.૩૦ કલાકેથી | મુખ્ય લોન<br>★ પરિસ્થિતિનુસાર આંશિક ફેરફાર સંભવ... |

★ સવારે નાસ્તો સમય : ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી ★ બપોરે જમવાનો સમય : ૧૨.૩૦ થી ૨.૩૦ કલાક સુધી ★ રાત્રિનો ભોજનનો સમય : ૭.૩૦ થી ૯.૩૦ કલાક સુધી

**નોંધ : મહાસભાના સન્માનનીય પદાધિકારીશ્રીઓએ અન્ય હોટલોમાં આવાસ વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે.**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## રાયપુર કાર્યાલય

| આવક | સપ્ટેમ્બર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧,૩૦,૭૪૨.૫૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૮૫૧.૦૦ | પોસ્ટેજ | ૫૪.૦૦ |
| | | નિરાશ્રિત | ૧૨,૦૦૦.૦૦ |
| | | લીગલ એક્સપેન્સ | ૫૦,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | ૪૬,૫૩૯.૫૦ |
| કુલ | ૧,૩૧,૫૯૩.૫૦ | કુલ | ૧,૩૧,૫૯૩.૫૦ |

## સંજીવની

| આવક | ઓગષ્ટ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| જય સમાજ | ૫,૦૦૦ | બિસ્ટુપુર : લાભાર્થી - ૧ | ૬૦૦૦ |
| જય સમાજ | ૨૫૦ | બિલાસપુર ઘટક : લાભાર્થી - ૧ | ૬૦૦૦ |
| 'સમાજરત્ન' વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦ | મુંબઇ ઘટક : લાભાર્થી - ૧ | ૧૦૦૦૦ |
| જય સમાજ | ૫,૦૦૦ | તુમસર ઘટક : લાભાર્થી - ૧ | ૬૦૦૦ |
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦ | ઉદયપુર ઘટક : લાભાર્થી - ૧ | ૧૦૦૦૦ |
| જય સમાજ | ૨૧,૦૦ | નાગલપર ઘટક : લાભાર્થી - ૧ | ૫૦૦૦ |
| સુભાંષુભાઇ સાવરીયા | ૧,૦૦૦ | નાગપુર ઘટક : લાભાર્થી - ૧ | ૩૦૦૦૦ |
| ઇકલેમ્પ પ્રો. સિસ્ટમ્સ | ૨,૧૦૦ | રાયપુર ઘટક : લાભાર્થી - ૧ | ૧૫૦૦૦ |
| બેંક વ્યાજ | ૨,૨૬૫ | રાંચી ઘટક : લાભાર્થી - ૧ | ૧૦૦૦૦ |
| જય સમાજ | ૨,૦૦૦ | રાયપુર ઘટક : લાભાર્થી - ૧ | ૫૦૦૦ |
| હર્ષદ કેશવજીઇ ટાંક | ૫૦૦ | | |
| જય સમાજ | ૧૦,૦૦૦ | | |
| દયારામ પરબત ચૌહાણ | ૧૨,૦૦૦ | | |
| જય સમાજ | ૫૦૦ | | |
| પથિક નિતિન ટાંક | ૧,૦૦૦ | | |
| ફીક્સ ડીપોઝીટ વ્યાજ | ૨૦,૦૩૭ | | |
| જય સમાજ | ૫,૦૦૦ | | |
| ટોટલ | ૮૬,૭૫૨ | ટોટલ | ૮૬,૭૫૨ |

| | |
|---|---|
| તા. ૩૧-૦૮-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૨,૯૯,૮૬૫.૮૫ |
| + આવકની કુલ રકમ | ૮૬,૭૫૨.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૧,૦૩,૦૦૦.૦૦ |
| તા. ૩૦-૦૯-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૨,૮૩,૬૧૭.૮૫ |

## અંજાર કાર્યાલય

| આવક | ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૪ જાવક | |
|---|---|---|
| ------ | કુરીયર ખર્ચ - પુના | ૬૦ |
| | કુરીયર ખર્ચ - ગાંધીધામ | ૬૦ |
| | કોર્ટ કેસ ખર્ચ કલકતા - મારૂતિ કુરીયા | ૨૪૦૦ |
| | કેસ ખર્ચ - કોમ્પ્યુટર જોબવર્ક | ૪૦૫૦ |
| | કલકતા વકીલ - કુરીયર | ૬૦૦ |
| | કુરીયર ખર્ચ - રાયપુર | ૧૦૦ |
| | ડીવાઇન સ્ટેશનરી બીલ | ૯૦૪ |
| | ગાયત્રી ગ્રાફીક્સ બીલ | ૪૩૩૦ |
| | કુલ | ૧૨,૫૦૪ |

## સેતુ સમાજ સંદેશ

| આવક | | સપ્ટેમ્બર-૨૦૨૪ જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૩,૦૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૩૪,૬૧૦ |
| વાર્ષિક શુલ્ક | -- | ગ્રાફીક્સ બીલ | ૩૦,૬૯૦ |
| વાર્ષિક સહયોગ રાશી | -- | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૯૯,૫૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૧,૨૦૦ | અન્ય ખર્ચ (ઝેરોક્ષ) | ૭,૦૦૦ |
| કુલ આવક | ૧,૦૦,૭૦૦ | કુલ જાવક | ૧,૮૦,૩૦૦ |
| | | કુલ માસિક (તોટાળો) | - ૭૯,૬૦૦ |

માસ સપ્ટેમ્બર-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**।। અન્નદાન મહાદાન ।।**



પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**




**'અન્નપુર્ણા-૧' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**




જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, **જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા-સંબંધી ન હોવાને કારણે અને શારિરીક-માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઆુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/- પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય**

**તેવી વ્યવસ્થા કરવામાં આવી.** આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં **ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે.** વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે. આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... **''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.''** ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

**(બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)**

**અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)**

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૭૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦/-ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૪૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા - પૂના (હ. સંદિપભાઇ) |
| ૬૦૦૦ | માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ - માધાપર (હ. શ્રી મહેન્દ્રભાઇ વરૂ) |
| ૧૧૦૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ - બલ્લારશાહ |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

॥ ૐ શાંતિ ॥

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૫'

The Lifeline.....



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

શુભ દીપાવલી

'સંજીવની' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને
દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર – અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા – પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા – પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર – અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ – અંજાર–કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ – લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ – મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) – સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર – રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર – હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ – આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ – આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર – પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ – જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર – વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર – અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર – શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર – ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ – વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક – આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક – મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક – લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક – અમદાવાદ

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા – જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ – હૈદ્રાબાદ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

શુભ દીપાવલી

**'અભિલાષા' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષાભિનંદન... 'સેતુ સમાજ સંદેશ' અભિલાષા કોલમના સર્વે વાચકો, સહયોગીઓ, દાન-દાતાશ્રીઓ તથા સમસ્ત સમાજબાંધવોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ... વિ.સ. ૨૦૮૧નું વર્ષ આપણા સૌના માટે શુકનવંતુ બની રહે... આપણા ગૌરવાન્વિત સમાજ માટે લાભકારી અને પ્રગતિશીલ નિવડે... ઉચ્ચ અભ્યાસ કરતા છાત્રો શિક્ષણ ક્ષેત્રે ખુબજ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના... અભિનંદન... જય સમાજ... જય સીયારામ...

નૂતન વર્ષના પ્રારંભે વંદન છે આ સમિતિના સન્માનનીય દાનદાતાશ્રીની ઉદાર સામાજીક ભાવનાને કે જેમના સહયોગથી વર્ષ દરમિયાન આપણે આર્થિક રીતે નબળા પરિવારના છાત્રોને શિક્ષણ સહાય આપીને મદદરૂપ બની શક્યા. ઇશ્વરે આપેલો મનુષ્ય જન્મ સર્વશ્રેષ્ઠ જન્મ છે. સારા અને પરોપકારી કર્મોના માધ્યમથી અનેક જન્મોનું ઋણ ઉતારી શકાય છે. સમયની માંગ અનુસાર સત્કર્મો થતા રહે છે. જેમાં, વિદ્યાદાન પણ એક ખુબજ મહત્વનું દાન છે. આ સમિતિની અપીલને માન આપી શિક્ષણ સહાયના દાતાશ્રીઓની ઉદારતા અભિનંદનિય છે. નાના-મોટા શુભ અવસરો, જન્મ દિવસ, લગ્ન દિવસ, નિકટના પરિજનની પુણ્ય અથવા જન્મતિથી અને કોઇ વિશેષ પ્રસંગે યથાઘટિત દાન આપીને આ સમિતિને મદદરૂપ બની શકાય છે. છાત્રો ભણશે તો પરિવાર મજબુત બનશે... પરિવાર મજબુત બને તો સમાજ પ્રગતિશીલ બનશે. સમાજહીતને લક્ષ્યમાં રાખીને પણ વિદ્યાદાનને મહત્વ આપવું ખુબજ જરૂરી હોય છે.

વર્ષ દરમિયાન આ સમિતિના પડખે ઉભા રહીને સહયોગી બનનાર દાન-દાતાશ્રીઓને યાદ કરીએ તો સૌ પ્રથમ નામ આપણા **સમાજના પરમ આદરણીય 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને યાદ કરીએ...** ગત માસથી તેમણે તેમના પ્રતિમાસ અનુદાનમાં વધારો કર્યો અને સમિતિને એક નવી જ ઉર્જા આપી. તેવી જ રીતે મહાસભાના માનદ્ સભ્ય અને સફળ ઉદ્યોગપતિ **શ્રી વિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ – બેંગ્લોર (ખંભરા)**, પ્રણામી સંપ્રદાયના અનયાયી **શ્રીમતી રસિલાબેન તથા શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકી – અંજાર (નાગોર)**ના નોંધપાત્ર દાન તેમજ માસિક દાન-દાતાઓ **શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ, શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક, શ્રી હેમંતભાઇ નરભેરામભાઇ ચાવડા, શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા**ના નિયમિત પ્રતિમાસ સહયોગની સાભાર નોંધ લઇ તેમના સહયોગની પ્રશંસા કરીએ છીએ.

**આ સમિતિ દ્વારા અત્યાર સુધી ૧૯ જેટલા છાત્રોને રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) જેટલી શિક્ષણ સહાય આ સમિતિ દ્વારા ચુકવવામાં આવેલ છે. બાકી રહેલ અરજીઓને પણ સત્વરે ધ્યાને લઇ નિકાલ કરવામાં આવશે.**

સૌનો સાથ... સમાજનો વિકાસ...

- વિનોદ લીલાધર ચૌહાણ (પ્રભારી તથા ઉપપ્રમુખ)



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**


**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪


शुभ दिपावली

**'મહિલા ઉત્કર્ષ' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

नूतन वर्षाभिनंदन

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" અંતર્ગત આ




સત્રનો ૧૯મો પ્રોજેક્ટ "Sea Shell Art" કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત **આદિપુર ઘટકના શ્રીમતી હેમાંગીબેન પરમાર** દ્વારા ૧૪ સપ્ટેમ્બરના ખુબજ સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી હેમાંગીબેન કુલદીપભાઇ પરમારએ શ્રીમતી સરોજબેન ઇશ્વરલાલભાઇ ટાંક (આદિપુર)ના સુપુત્રી અને ગં.સ્વ. મધુબેન અશોકભાઇ પરમારના પત્રવધુ છે. હેમાંગીબેને બી.એ.નો અભ્યાસ કરેલ છે. તેમનું બાળપણ મીઠાપુરમાં વ્યતિત થયું છે. બાળપણથી જ દરિયા કિનારે જવું ખુબજ ગમતું હતું. ત્યાંથી અલગ અને અનોખા Shellsને ગોતી, એકત્રીત કરી ઘરે લાવી, વ્યવસ્થિત ધોઇ-સુકાવીને ક્યા Sea Shellનો ઉપયોગ કઇ રીતે કરવો અને તેને કઇ રીતે આકર્ષક બનાવીને રજુ કરવું એ આવડત તેમનામાં બાળપણથી જ હતી.

શ્રીમતી હેમાંગીબેને ફેસબુક પેજ પરથી Sea Shell આર્ટનો આ પ્રોજેક્ટ ખુબજ વિવિધતા સાથે શિખવાડ્યો. તેઓ કહે છે કે આ એક ખુબજ યુનિક અને સુંદર આર્ટ છે જે ઓછા લોકો જાણે છે. હેમાંગીબેને અલગ-અલગ આકારના, નાના મોટા સેલ્સનો ઉપયોગ કરી જાતજાતના પશુ-પક્ષી શો પિસેસ બનાવતા શિખવાડ્યા અને મહત્વપૂર્ણ ટીપ્સ આપી ઘરને કેવી રીતે સુંદર વસ્તુથી શણગારી શકાય તે સમજાવ્યું. Sea Shell આર્ટની ખાસિયત એ છે કે તે ઓછા સમયમાં અને ઓછા રોકાણમાં સારી કિંમત કમાવી આપી શકે છે. આ પ્રોજેક્ટમાં તેમણે શેલડોલ, શેલ રેબીટ, શેલ સ્કવીરલ, શેલ દિયા, શેલ ફોટોફ્રેમ, શેલ જ્વેલરી વગેરે વસ્તુઓ સી-શેલ દ્વારા કેવી રીતે સરળતાથી બનાવી શકાય તેને રંગ કરી કેવી રીતે સુંદર-આકર્ષક બનાવી શકાય તે ખુબજ મહત્વપૂર્ણ અને નાની-નાની ટીપ્સ આપી ખુબજ સરસ રીતે સમજાવ્યું.

હેમાંગીબેન કહે છે કે લગ્ન પછી તેઓ પારિવારીક જવાબદારી અને બાળકના ઉછેરમાં વ્યસ્ત થઇ ગયા હતા. પણ તેમણે આપણા સમાજના "The Art Assembly Whatsapp Group" ગ્રુપ દ્વારા પોતાનો જુનો શોખ ફરી ઢંઢોળવાનો મોકો મળ્યો. ફરીથી તેમણે બાળપણની યાદને તાજા કરી. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આર્ટના પ્રોજેક્ટનો સુવર્ણ અવસર મળતાં હજુ નવી-નવી અને ઉપયોગમાં આવતી સુંદર અને આકર્ષક વસ્તુઓ બનાવવાનું ચાલુ કર્યું. અને તે વસ્તુઓ સારી રીતે વેચાવા લાગી અને આવક પણ શરૂ થઇ. આ સફળતા પાછળ તેમના સપોર્ટીવ ફેમીલી ખાસ કરીને તેમના જીવનસાથી

કુલદીપભાઇ પરમારના વિશેષ સહયોગથી તેમણે "Amazon" માં ''હેમાંગીની કારિગીર''ના નામથી વેચાણ શરૂ કર્યું છે.

હેમાંગીબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિ બહુ સારી રીતે મહિલાઓના આથિર્તક વિકાસ અર્થે કાર્યરત છે. આ જમાનો સ્કીલ ડેવલપમેન્ટનો છે. કોઇપણ સ્કીલમાં માસ્ટરી મેળવી તેનો આપણે અર્થોપાર્જન માટે પણ ઉપયોગ કરી શકીએ છીએ. મહિલા ઉત્કર્ષ સમિતિ સમાજની મહિલાઓની આવડત-સ્કીલને રાષ્ટ્રીય સ્તરનો એવો સશક્ત મંચ આપે છે જેનાથી તેઓની કળાને પ્રોત્સાહન અને પ્રસિદ્ધી મળે અને અન્ય મહિલાઓ કાંઇક નવું શીખીને આગળ વધે.... પગભર થાય... સ્વાવલંબી બની આત્મનિર્ભર બને. હેમાંગીબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન અને ટીમ ખુબજ મહેનત અને જહેમતથી સતત ચાર વર્ષથી આ કાર્ય કરી રહ્યા છે. અખિલ ભારતીય સ્તરે સમાજની જુદા જુદા ટેલેન્ટ ધરાવતી બહેનોને શોધી, તેમનો સંપર્ક કરી તેમના સાથે કો-ઓર્ડીનેટ કરી પ્રોજેક્ટ ઉભો કરવો... ઘણો સમય અને શક્તિ માંગી લે છે. શ્રીમતી મીતાબેન પોતે પણ એક સારા આર્ટિસ્ટ, સહજ યોગ મેડીટેશન ટ્રેનર, પાકશાસ્ત્રી, બહુલક્ષી પ્રતિભા ધરાવનાર સમાજ સેવિકા છે. શ્રીમતી હેમાંગીબેન મીતાબેન અને સમસ્ત ટીમનો હૃદયપૂર્વક આભાર માની ભવિષ્યમાં પણ સહયોગ આપવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા સમાજના આવા શ્રૃજનશીલ, ગુણવાન, પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની ભાવનાથી ઓતપ્રોત, એવા કલાનિપુણ આર્ટિસ્ટને સફળ પ્રોજેક્ટ આપવા માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ.... જય સમાજ...

- અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## દેશ-વિદેશ સંકલન સમિતિ

**વિદેશમાં વહાલપ મને મીઠી લાગે શામળા**

**પ્રભારી : શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ**
અંજાર (કચ્છ)
મો. +૯૧૯૮૨૫૩૬૧૮૨૨

**સહપ્રભારી : શ્રી કેતનભાઇ પ્રકાશભાઇ ચાવડા**
બ્રિસબેન (ઓસ્ટ્રેલિયા)
મો. +૬૧૪૧૪૩૭૩૭૩૭



# ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા આયોજીત દીવાળી સ્નેહમિલન

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા તા. ૨૬-૧૦-૨૦૨૪, શનિવારના સાંજે ૫.૦૦ કલાકે રાજેશભાઇ ચૌહાણના નિવાસ સ્થાને ઓસ્ટ્રેલિયા મધ્યે દીવાળી સ્નેહમિલનનું આયોજન ઓસ્ટ્રેલિયા ઘટકના પ્રમુખ શ્રી રાજેશભાઇ દયારામભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે. સમાજના આ પ્રથમ દીવાળી સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેવા સર્વે સમાજબંધુઓને આમંત્રણ પાઠવવામાં આવેલ છે.**

**આ શુભ અવસર અખિલ ભારતીય મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, વિદેશની ધરા પર પણ આપણા સમાજના ભાઇઓ સંગઠન, એક્તા સાથે આવા ઉમદા આયોજન યોજે છે સમસ્ત સમાજ માટે ગૌરવ લેવા યોગ્ય છે. તેમણે દીવાળી સ્નેહમિલનના પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવેલ છે. જય સમાજ... જય સીયારામ...**

**- શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ (પ્રભારી) અંજાર (કચ્છ)**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## વડોદરા ઘટક







તા. ૨૨-૯-૨૪ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સેવા સમાજ ટ્રસ્ટ - વડોદરા ઘટકની ૫૩મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડની અધ્યક્ષતામાં કરવામાં આવેલ હતું.

દીપ પ્રાગટ્ય તથા પ્રભુ પ્રાર્થના બાદ ગત વર્ષ દરમિયાન વડોદરા ઘટકના અવસાન પામેલ સમાજબંધુઓના માનમાં બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓના અહેવાલનું વાંચન કરવામાં આવેલ હતું. ઘટકના ખજાનચી શ્રી અમૃતલાલભાઇ અર્જુનભાઇ ટાંક દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના હિસાબોની રજુઆત કરવામાં આવી હતી જેને ચર્ચા-વિચારણા પછી સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતા.

આગળના એજન્ડા મુજબની કાર્યવાહી કરતા સામાન્ય સભા દ્વારા શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વઢ્ઢેને 'ઘટક રત્ન'ના માનદ્ હોદ્દાથી સન્માનવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આજ રીતે શ્રી ગોરધનભાઇ શામજીભાઇ ચૌહાણને 'ઘટક સંરક્ષક'ના માનદ્ હોદ્દાથી સન્માનવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. સામાન્ય સભા દ્વારા એ પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે ઘટકના નિવૃતમાન પ્રમુખશ્રીની નવા સત્ર માટે સલાહકાર પ્રમુખશ્રી તરીકે નિમણુંક કરવી.

આ ઉપરાંત ઘટકના સ્થાપના સમયના જુના હોદ્દેદારો તથા કાર્યકરોને પણ યોગ્ય રીતે સન્માનવાનું નક્કી કરવામાં આવેલ હતું.

સામાન્ય સભા દ્વારા હાલના ઉપલબ્ધ ભંડોળમાંથી શૈક્ષણિક સહાય માટે તેમજ તબીબી સહાય માટે બે સ્થાયી ભંડોળો ઉભા કરવાનો નિર્ણય પણ લેવામાં આવેલ હતો. ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડએ વડોદરા ઘટક દ્વારા આયોજીત મહાસભાની તત્કાલ સામાન્ય સભા બાબત વિસ્તૃત માહિતી આપેલ હતી તથા આદરણીય સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની મહાસભાના પ્રમુખ તરીકે વરણી થવામાં વડોદરા ઘટક નિમિત્ત બન્યું તે બદલ ખુશી વ્યક્ત કરી હતી.

ઘટકના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દર્શનાબેન દિનેશભાઇ પરમારે ઘટકની કામગીરી બિરદાવી હતી તથા ઘટક તરફથી મહિલા મંડળને મળતા સુંદર સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઘટક યુવા મંડળ પ્રમુખ શ્રી નિરવભાઇ વાઘેલાએ પણ ઘટકની કામગીરી બિરદાવી હતી તથા ઘટકની દરેક કામગીરીમાં હંમેશ મુજબ પૂરી જવાબદારીથી યુવા મંડળ કામ કરશે તેવું જણાવ્યું હતું. સભાનું સંચાલન ઘટક મંત્રી શ્રી તૃષારભાઇ મોહનલાલ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. સભાની કામગીરી પૂર્ણ થયા બાદ ઘટકના ઉપપ્રમુખ શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણે આભારવિધી કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.


સૌ જ ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

# માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા વિજ્યાદશમી (દશેરા)ના ૧૪મો સમુહ લગ્નોત્સવનું તા. ૧૩-૧૦-૨૪ના માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ કારોબારીમાં સર્વાનુમતે શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણને સમુહ લગ્ન સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવેલ અને અલગ અલગ કાર્ય કરવા માટે ઘટકના સભ્યો, મહિલા મંડળના સભ્યો અને યુવા મંડળ તેમજ સમાજના કાર્યકરોની ટીમ બનાવી સમુહ લગ્નનું આયોજન કરવારમાં આવ્યું હતું.

કુલ બે કુમાર અને બે કન્યાના ફોર્મ આવતા તેમની મીટીંગ રાખી પાનેતરના દાતા શ્રીમતી નિતાબેન વિનોદભાઇ સોલંકીના હસ્તે તમામ કન્યાઓને પાનેતર તેમજ લગ્નની કુમકુમ પત્રિકા અગાઉથી જ આપી દેવામાં આવેલ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

ત્યાર બાદ વિવિધ સમિતિના અધ્યક્ષો અને કાર્યકરોની મીટીંગ બોલાવી જવાબદારી સોંપવામાં આવી. સ્વાગત સમિતિ શ્રી મનોજભાઇ સોલંકી તથા શ્રી જયંતિલાલ વમલજીભાઇ વાઘેલા, કાર્યાલય સમિતિના શ્રી મનોજભાઇ ટાંક તથા શ્રી કાંતિલાલ પી. ચૌહાણ, ભોજન સમિતિ શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી ઇશ્વરલાલ ચૌહાણ, લાઇટ મંડપ સમિતિ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, પૂજાપા સમિતિ શ્રીમતી ભાવનાબેન ટાંક, લગ્ન વ્યવસ્થા સમિતિ શ્રીમતી જયશ્રીબેન વસંતલાલ, કાર્યક્રમ વ્યવસ્થા સમિતિ શ્રી હિરેનભાઇ ચૌહાણ, શ્રી યાજ્ઞિકભાઇ ચૌહાણ, ભેટ-સોગાદ સમિતિ શ્રી કમલેશભાઇ પરમાર, કિરણ શાંતિલાલ ચૌહાણ તથા દર્શન જગદીશભાઇ પરમાર, અલ્પાહાર સમિતિ ગિરીશભાઇ હિરજી ચૌહાણ, શ્રી ભરતભાઇ આધવજી ચાવડા તથા દામજીભાઇ જીવરામભાઇ પરમાર, રાત્રી રોકાણની કામગીરી શ્રી ગિરીશભાઇ હિરજી ચૌહાણને સોંપવામાં આવેલ હતી.

બપોરના ભોજન તેમજ તમામ વ્યવસ્થામાં યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડના માર્ગદર્શન હેઠળ યુવા મંડળના તમામ સભ્યો અને કાર્યકરોએ કરેલ અને મંડપમાં લગ્નની તમામ સામગ્રી અને લગ્નની તમામ વિધી મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંકના માર્ગદર્શન હેઠળ મહિલા મંડળના તમામ સભ્યો અને કાર્યકરોએ કરી હતી. લગ્નની વિધી સમાજના ગોર શ્રી પરેશભાઇ શાંતિલાલ ત્રિવેદીએ કરાવેલ.

કુમાર-કન્યાને વિવિધ દાતાઓ તરફથી ૮૫ દાતાઓએ ભેટ-સોગાદ આપી હતી. લગ્ન કરનાર નવદંપતિને મેરેજ સર્ટીફીકેટ અને કન્યાને કુવરબાઇનું મામેરૂં સરકારી યોજના હેઠળ દરેક કન્યાના ખાતામાં રૂા. ૧૨,૦૦૦ની રકમ જમા કરાવવામાં આવશે.

મુખ્ય દાતા કન્યા પક્ષ શુલ્ક અને મુખ્ય સ્ટેજના ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ સોલંકી, મંડળના મુખ્ય પ્રવેશદ્વારના શ્રી મનોજભાઇ સોલંકી, ભોજન કક્ષના શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, કુમકુમ પત્રિકાના બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, પાનેતરના દાતા શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી અને સ્ટેજ ઉપર બીરાજમાન મહાનુભાવોનું સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં મહાસભાના પ્રમુખ ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તેમજ મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર તથા અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી અને મહાસભાના મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંક - રાઉરકેલા, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ અને હોદ્દેદારો લગ્નમાં જોડાયેલ કુમાર અને કન્યાઓ અને તેમના તમામ સંબંધીતો તેમજ માધાપર ઘટકના હોદ્દેદારો અને કાર્યકર ભાઇઓ અને બહેનોનો અને દાતાઓનું મહાસભાના મંત્રી શ્રી ગિરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણે આભાર વ્યક્ત કરેલ અને કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના મંત્રી શ્રી કાંતિલાલ પી. ચૌહાણે કરેલ.

॥ જય સીયારામ ॥

# શુભ દીપાવલી એવં નૂતન વર્ષના હાર્દિક અભિનંદન





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના મારા સર્વે સમાજબંધુઓને દીપાવલીની હાર્દિક શુભકામના એવં નૂતન વર્ષ આપને તથા આપના પરિવાર માટે સુખાકારી નિવડે, આપને ત્યાં રિદ્ધિ–સિદ્ધી અને સમૃદ્ધિ વધે તેવી પ્રભુ શ્રીરામના શ્રીચરણોમાં પ્રાર્થના....



**'સમાજરત્ન'**

**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**

**(પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)**

**માધાપર**

# શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે શ્રી કે.જી.કે. વૉકેશનલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટના શુભારંભની તસવીરો



## શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા આશ્વિન નવરાત્રી-હવનાષ્ટમિ ઉત્સવ તા. ૧૧.૧૦.૨૪ની તસવીરી ઝલક

**મહાપ્રસાદ દાતા : સ્વ. તેજીબેન માધવજીભાઇ ચૌહાણ પરિવાર - ઓખા**



# Congratulations...

**Young Entrepreneur of the Year 2024**

## Shree Mohit Vinodbhai Solanki

**Madhapar (Kutch)**




KUTCH BUSINESS EXCELLENCE AWARDS 2.0

કચ્છમિત્ર FOKIA

EY

Federation of Kutch Industries Association (FOKIA) અને કચ્છનું લોકપ્રિય દૈનિક 'કચ્છમિત્ર' (મિડિયા પાર્ટનર) દ્વારા આયોજીત Kutch Business Excellence Award 2.0 - Young Enterpreneur of the year 2024 નો અવોર્ડ આપણા સમાજના યુવા ઉદ્યોપતિ શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી - માધાપરને એનાયત કરતા ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી....



અમદાવાદ મધ્યે Federation of Kutch Industries Association (FOKIA) અને કચ્છનું લોકપ્રિય દૈનિક 'કચ્છમિત્ર' (મિડિયા પાર્ટનર) દ્વારા આયોજીત Kutch Business Excellence Award 2.0 ના અવોર્ડ વિતરણ સમારોહમાં ઉપસ્થિત ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દભાઈ પટેલ સાથે મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર - માધાપર

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર (કચ્છ)**

# GLOBAL
GATEWAY EXPERTS
Education without limits

## Study in
# USA, CANADA, UK, EUROPE






- 1 Year Study.
- 2 Years Stay back (Post Study Work).
- No IELTS/TOEFL required.
- Work Part-time 20 hrs/week and earn up to 10 pounds per hour.
- Education Loan Assistance provided.
- Show money Assistance provided.



- Help you to get Study Visa
- Admision Open
- Low Tuition Fees
- Offer Letter
- Upto 3 Years Work Permit After Study



- Grab the Opportunities with us
- Top Ranked Universities
- Countless UG & PG Programs
- Great Scholarships
- Study Gap Acceptable



- With/without IELTS
- Study gap accepted
- Fly with spouse (in some countries)
- Scholarship opportunity
- High visa success rate
- No need to go to India (in some countries)

**Harshad** M: 74475 85706


**Brijesh** M: 98258 39914

**Pritesh** M: 87580 62099

**Hyderabad :- 12/7/162/8 Vankaiya street ,Nr Ayappa temple,Mettuguda, Secunderabad - 500017**
**Ahmedabad:- Gajanan complex, Opp. Rajaram school ,Vatva, Ahmedabad - 382440**
**Dholka:- Block - A/5 2nd floor, Royal business park Opp. Government rest house Kalikund, Dholka - 382225**

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ઇષ્ટદેવાય નમઃ || || શ્રી કુળદેવી માતાયે નમઃ || || શ્રી માતૃ પિતૃ દેવાય નમઃ ||

## ટાંક પરિવારના નૂતનવર્ષાભિનંદન ....




**MBK માં બ્રહ્માણી સુખ ધામ એવં**

- ► કૃષિ ફાર્મ - ગ્રામ ટેમરી
- ► ભુપેશ કૃષિ ફાર્મ - ખુરસીડીહ
- ► ટાંક ગ્રીન ફાર્મ - ભાલુકોન્હા
- ► એમ.બી.કે.એફ. ફાર્મ - દમોદા
- ► એમ.બી.કે.એફ. ફાર્મ - બિરેઝર

પુજ્ય દેવસ્વરૂપ
સ્વ. નારાયણ ગોવાભાઇ ટાંક

સ્વ. ગંગદાસ ગોવાભાઇ ટાંક

સ્વ. ડોસાભાઇ નારાયણભાઇ સ્વ. હરદાસભાઇ નારાયણભાઇ સ્વ. શીવજીભાઇ નારાયણભાઇ

સ્વ. જેઠાભાઇ શિવજીભાઇ સ્વ. શામજીભાઇ શિવજીભાઇ સ્વ. હરિલાલભાઇ શિવજીભાઇ
સ્વ. ભાણજીભાઇ શિવજીભાઇ સ્વ. રણછોડભાઇ શિવજીભાઇ સ્વ. માધવજીભાઇ શિવજીભાઇ
સ્વ. નરસીભાઇ શિવજીભાઇ

સ્વ. ધનજીભાઇ નરસીભાઇ

સ્વ. જીવરામભાઇ નરસી

સ્વ. ભરતભાઇ ધનજીભાઇ
સ્વ. શાંતિલાલ ધનજીભાઇ

દિનેશભાઇ ધનજીભાઇ
સ્વ. ભીમજીભાઇ ધનજીભાઇ

સ્વ. લાલજીભાઇ ધનજીભાઇ
દિલીપભાઇ ધનજીભાઇ
ટપ્પુભાઇ ધનજીભાઇ

સુરેશભાઇ જીવરામભાઇ
ઉત્તમભાઇ જીવરામભાઇ
પંકજભાઇ જીવરામભાઇ



અ.સૌ. બબિતાબેન-દિલીપભાઇ ધનજીભાઇ ટાંક
ભુપેશ દિલીપભાઇ ટાંક પરિવાર - દુર્ગ (છ.ગ.)



અ.સૌ. જાગૃતિબેન-સાગર મુકેશભાઇ ચન્દુલાલભાઇ ચાવડા
ટિટલાગઢ એવં જયપુર ઓડિસા, નિવાસી

જય શ્રીરામ
જય શ્રી સ્વામીનારાયણ
જયહિન્દ- જયભારત



જગદલપુર નિવાસી પરિવાર - • સ્વ. જીવરામભાઇ નરસીભાઇ
• સ્વ. શાન્તિલાલ • દિનેશભાઇ • સ્વ. ભીમજીભાઇ • સ્વ. લાલજીભાઇ

દુર્ગ નિવાસી પરિવાર -
• સ્વ. ભરતભાઇ • દિલીપભાઇ • ટપ્પુભાઇ

મો.: દિલીપભાઇ-89658 37787, બબિતાબેન-62686 29579, ભુપેશ-70001 93484

# Congratulations

***on Achieving B.E.M.Sc. in Logistics and Supply Chain Management***






**PRITHVIRAJ SANDEEPBHAI CHAWDA**

We are proud to celebrate **PRITHVI** for earning a First-Class MSc (2:1) degree in Logistics and Supply Chain Management from the prestigious Cranfield University, UK.

During his academic journey, he made significant contributions by publishing an industrial thesis research paper for Leonardo UK, a renowned aeronautical and aerospace company, on the application of Blockchain technology.

After completing his master's, **PRITHVI** began his professional career as an Inventory Analyst with Canon EMEA, a leading Japanese multinational. Recently, he has advanced to a new role as a Senior Supply Chain Analyst at Apollo Ltd in London.

Congratulations once again and best wishes for continued success!

Grandson of
Late Himmatlal Chawda and
Late Manjula Chawda.
Father : Sandeep H. Chawda
Mother : Harshida S. Chawda
Sister : Bhori. S. Chawda

**Well wishers : -**

Ramola Chawda
Dr. Harikumari Chawda
Usha. chawda
Kaka : Paras H. Chawda
Kaki : Neeta P. Chawda
Brother : Divyank P. Chawda





# Poorvi Taunk

| | |
|---|---|
| D.O.B. | : 10.09.1999 |
| Time of Birth | : 9:16 pm |
| Place of Birth | : Visakhapatnam |
| Height | : 5'2" |
| Qualification | : B.E. Computer Science (GITAM Visakhapatnam) |
| Occupation | : Associate Developer at TCS Digital (Bangalore) |
| Hobbies | : Trekking, Travelling, Fitness & Flow Arts |
| Native Place | : Kukma (Kutch) |
| Gotra | : Shaunak |
| Kuldevi | : Shri Brahmani Mata |
| Father | : Mahesh kumar Taunk (Retd. Engineer) |
| Mother | : Mamta Taunk (Housewife) |
| Ygr. Brother | : Thaman Taunk (NIT Jalandhar BE-ECE) Currently working in Bangalore |
| Dada | : Lt. Nanalal Kheta Taunk |
| Dadi | : Lt. Deviben Nanalal Taunk |
| Nana | : Lt. Bakulesh Haribhai Chauhan (Nagpur) |
| Nani | : Smt. Indiraben Bakulesh Chauhan |
| Address | : 7-22-1/3/9, Flat No. 10, Sahodara Mansion, Plot No. 5, Kirlampudi Layout, Visakhapatnam (A.P.) 530017 |
| Contact | : Father : 9652394774<br>Mother : 9441944423 |
| E-mail | : maheshtaunk@gmail.com |

## કેંજોરગઢ ઘટક





તા. ૧૩-૯-૨૪ના દિવસે સમાજવાડીમાં રામદેવપીર જયંતિનું આયોજન કરવામાં આવેલ હતું. સાંજે ૫.૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરથી રામદેવપીરનો વરઘોડો વાજતે-ગાજતે નીકળી સમાજવાડી પહોંચ્યો હતો. ત્યાર બાદ ભજન-કિર્તન કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ સદસ્યોએ ખુબ ભક્તિભાવથી રામદેવપીરના ભજન ગાયા હતા. રાત્રે ૧૦.૩૦ વાગ્યે આરતી કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત સૌ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ ભક્તિપૂર્ણ વાતાવરણમાં બધા પ્રસાદ સેવન કરી છુટા પડ્યા હતા.આ કાર્યક્રમમાં મહિલા મંડળ તથા યુવક મંડળના સદસ્યોએ તેમનો પુરો સહયોગ આપી તેને સફળ બનાવ્યો હતો.

તા. ૭-૯-૨૪ના ગણેશચોથના દિવસે યુવક મંડળ દ્વારા સમાજવાડીમાં ગણેશપૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. ગણેશજીની મૂર્તિની સ્થાપના કર્યા બાદ સાંજે ૪.૦૦ વાગ્યે પૂજા કરવામાં આવી હતી. સારી સંખ્યામાં ભાઇઓ તથા હેનો ઉપસ્થિત રહી ગણેશપૂજાનો લ્હાવો લીધો હતો. તા. ૩૦-૮-૨૪ના કેંજોરગઢ ખબર તથા ભુમિકા આઇ હોસ્પિટલ દ્વારા ઘટક તથા યુવક મંડળના સહયોગથી સમાજવાડીમાં ફ્રી મેગા આઇ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. ભુવનેશ્વરથી આંખના સારા ડૉક્ટરો દ્વારા દર્દીઓના આંખોનું ચેકઅપ કરવામાં આવેલ હતું. સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી આ કેમ્પ ચાલ્યો હતો. કેંજોરગઢ ઘટક તથા યુવા મંડળના પદાધિકારીશ્રીઓ ઉડીશાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી સાથે તેમના નિવાસ સ્થાને મુલાકાત કરી નવરાત્રિ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપેલ.


### શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
### ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**

Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# નારી દર્પણ

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## રાયપુર મુકામે આયોજીત વાર્ષિક અધિવેશનમાં ભાવભર્યું આમંત્રણ

## કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની સંયુક્ત બેઠકની કાર્યસૂચી

સુજ્ઞ બહેનો, સહર્ષ નિવેદન કે, રાયપુર ઘટકના સ્નેહમય નિમંત્રણથી અ.ભા.મ.મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૬ની વાર્ષિક બેઠક **તા. ૨૬/૧૨/૨૦૨૪, ગુરૂવારના સવારે ૧૦.૦૦ કલાકે, શ્રી મારૂતિ મંગલમ્ ભવન, રાયપુર (છત્તીસગઢ)** માં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, મહિલા મંડળના પ્રમુખો તથા સેવાભાવી બહેનોની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના
★ મહામંત્રી દ્વારા સભાસદોનું સ્વાગત
★ દિપ પ્રાગટ્ય ★ શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશોઓનું વાંચન
★ ઓડીટ કરાવેલ વાર્ષિક હિસાબોની રજુઆત
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ મહાસભા પ્રમુખશ્રીનું માર્ગદર્શીય ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ દ્વારા એહવાલોની રજુઆત
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા-નિર્ણય
★ પ્રાસંગીક પ્રવચન
★ પ્રમુખશ્રીની અનુમતીથી રજુઆત
★ મહામંત્રીશ્રીનું ઉદ્‌બોધન
★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા.મહિલા મહામંડળ આપ સૌને મંડળના વાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા.મ. મહામંડળ, આપના મહિલા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને સરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણને**

**તા. ૧૫-૧૨-૨૪ સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**વિનિત : શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - મહામંત્રી**

(આપનો સાથ-સહકાર આપની લાગણી અને સ્નેહ એજ અ.ભા.મહિલા મહામંડળની સફળતા છે.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

શુભ **॥ નૂતન વર્ષાભિનંદન ॥** લાભ

નારી દર્પણ વિભાગના તમામ વાંચકો, અ.ભા.મહિલા મહામંડળ, પ્રાદેશિક મહિલા મંડળો, ઘટકના મહિલા મંડળોના સર્વે પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સભ્યો, માનદ્ સભ્યો, કાર્યકર્તા બહેનો તથા સમસ્ત સમાજબાંધવોને નૂતન વર્ષની હાર્દિક શુભકામના... વિક્રમ સંવત ૨૦૮૧નું નવું વર્ષ આપ સૌના માટે સુખ-શાંતિ, સમૃદ્ધિ વધારનારૂં બની રહે, નારી શક્તિ રૂપી જ્યોત સમગ્ર વર્ષ દરમિયાન પ્રજ્વલિત રહે... સમસ્ત સમાજ ખુબજ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના... નૂતન વર્ષાભિનંદન... જય સમાજ... જય નારી શક્તિ....



**શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ**
**પ્રમુખ**



**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ**
**મહામંત્રી**



**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી**
**સલાહકાર પ્રમુખ**

**અ.ભા.મહિલા મહામંડળના સલાહકર મંડળ, હોદ્દેદારો, કાર્યવાહક સભ્યો તથા માનદ્ સભ્યોના**

**નૂતન વર્ષાભિનંદન...**

# અખીલ ભારતીય મહિલા મહામંડળના નેતૃત્વ હેઠળ રસોઈની રંગત સમિતિ દ્વારા ‘હેલ્ધી એન્ડ ટેસ્ટી ફુડ રેસીપી’નો વર્કશોપ યોજાયો



અખીલ ભારતીય મહિલા મહામંડળના નેતૃત્વ હેઠળ રસોઈની રંગત સમિતિ દ્વારા તેમનો પ્રોજેક્ટ નં. ૨ ‘હેલ્ધી એન્ડ ટેસ્ટી ફુડ રેસીપી’ જે તા. ૧૬-૯-૨૪, સોમવારના રોજ રસોઈની રંગત સમિતિના મંત્રી શ્રીમતી ચારૂલબેન દિપેશકુમાર સોલંકી દ્વારા લેવામાં આવ્યો હતો.

આજના આ આધુનિક યુગમાં આપણી નવી જનરેશન પોતાની હેલ્થ માટે સતર્ક બને અને હેલ્થીની સાથે સાથે ટેસ્ટી અને એટ્રેક્ટીવ ફુડ રેસીપી શીખવા મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યંગ અને બાળકો પીઝા, બર્ગર, નુડલ્સ વગેરે જેવા જંકફુડને છોડીને હેલ્થી ખોરાક કેવી રીતે લઈ શકે તે સમજાવ્યું હતું. આ પ્રોજેક્ટમાં તેમણે મિલ્કશેકથી લઈને ડેઝર્ટ સુધીની પૂરા ડીનરની છ વાનગીઓ શીખવાડી હતી.

હેલ્થી એનર્જી બોલ્સ, બનાના વીથ ડ્રાયફ્રુટ્સ એન્ડ સીયા સીડ્સ મિલ્કશેક, હેલ્થી સ્પ્રાઉટ અને વેજીટેબલ સલાડ, મગ સ્પ્રાઉટ અને વેજીટેબલ ટીક્કી, રાઈસ બાઉલ વીથ પીંક સોસ એન્ડ વેજીટેબલ્સ, હેલ્થી કોકોનલ મેંગો યોગર્ટ પુડીંગ વીથ સીયા સીડ્સ.

આ હેલ્થી ફુડથી તેમણે આપણા શરીરને ક્યા ક્યા ફાયદા થાય છે. તેના વિશે જાણકારી આપી હતી. ડ્રાયફ્રુટ્સમાંથી પ્રોટીન મળે છે. બધા સીડ્સને ખાવાથી કોલેસ્ટ્રોલ મળે છે. બધા સીડ્સને ખાવાથી કોલેસ્ટ્રોલ ઘટાડવામાં, બ્લડશુગર લેવલમાં રાખવામાં, હાડકા મજબુત રાખવામાં, કબજીયાતના પ્રોબ્લેમમાં કેવી રીતે મદદ થાય છે, આપણી સ્કીન, વાળ, હાડકા મજબુત



શ્રીમતી પ્રીતીબેન ચૌહાણ
અધ્યક્ષશ્રી

શ્રીમતી જયશ્રીબેન ચૌહાણ
મંત્રીશ્રી

શ્રીમતી ભાવનાબેન વરૂ
મંત્રીશ્રી

શ્રીમતી મીનલબેન વરૂ
મંત્રીશ્રી

કરવામાં કેવી રીતે મદદ થાય છે, સ્ત્રીઓની પીરીયડ સાઇકલ બેલેન્સ કરવામાં મદદરૂપ થાય છે, વેઇટ લોસ કરવામાં મદદરૂપ થાય છે, મલ્ટીગ્રેઇનથી પ્રોટીન લેવલ જળવાય છે, ગાયનું ચોખ્ખું ઘીમાંથી ફાઇબર, વીટામીન-સી મળી રહે છે. લસણ લોહીને પાતળું રાખવામાં મદદ કરે છે.

આમ, પોતાની રોજીંદી આધુનિક ઝડપી જીવનમાં હેલ્થી ખોરાકને લેવાથી આપણને તે શરીર માટે કેવી કેવી રીતે ફાયદો કરે છે તેના વિષે ટુંકમાં બતાવવાનો પ્રયત્ન કર્યો હતો અને હેલ્થી ખોરાકને આપણે અને આપણા બાળકોને પણ લેવા માટે પ્રેરીત કરીને તેમના અને તેમના કુટુંબની પણ હેલ્થ સારી રહે તેવો પ્રયાસ કરવાનું જણાવ્યું હતું.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

## આદિપુર મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન સ્વાતિબેન પરમાર દ્વારા સમાજ ભવનમાં કરવામાં આવેલ. વેલકમ ડ્રીંક્સ સાથે સ્વાગત તેમજ પ્રભુ પ્રાર્થના કરી કીટીની શરૂઆત કરેલ. અખિલ ભારતીય સ્પર્ધામાં જેમણે ભાગ લીધેલ અને વિજેતા થયેલ, તેઓનું અભિવાદન કરવામાં આવેલ. ત્યાર બાદ એક મિનિટ ગેમ રમેલ તેમાં પ્રથમ જયશ્રીબેન રાઠોડ, અને બીજા ક્રમે શ્રીમતી કલ્પનાબેન વી. વાઘેલા આવેલા. સ્વાતિબેન પરમાર તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ અને અલ્પાહાર બાદ સૌ છુટા પડેલ. તા. ૧-૯-૨૪ના રોજ દિશા ફાઉન્ડેશન દ્વારા ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોમ્સ કેટેગરીમાં આદિપુર મહિલા મંડળના શ્રીમતી નેહાબેન રાઠોડે ભાગ લીધો હતો અને તેમનો ત્રીજો નંબર આવ્યો હતો.

## અમદાવાદ મહિલા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ મહિલા મંડળ દ્વારા ગરબાની રમઝટ રાસગરબાનું આયોજન તા. ૫ ઓક્ટોબર, શનિવારના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ખુબ સારી સંખ્યામાં બહેનો ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને ગરબાની રમઝટ માણી હતી. મહિલા મંડળ તરફથી અલગ-અલગ કેટેગરી પ્રમાણે પાંચ ઇનામો આપવામાં આવ્યા હતા. અને મહિલા મંડળ તરફથી લાગણી વિતરણ પણ કરવામાં આવેલ હતું. બહેનોએ ખુબ સારી માત્રામાં ગરબામાં હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવેલ હતો અને અંતમાં સહુએ સાથે મળીને સ્વાદિષ્ટ નાસ્તાનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા.

## ચંદ્રપુર-બલ્લારશાહ મહિલા મંડળ



ચંદ્રપુર-બલ્લારશાહ મહિલા મંડળએ શ્રાવણ મહિનામાં રાષ્ટ્રીય વેશભૂષાનો કાર્યક્રમ રાખવામાં આવ્યા હતો સાથે ગેમ્સ અને હાઉઝી પણ રાખવામાં આવેલ. શ્રાવણ મહિનાના ઝુલાને ફુલથી સજાવીને બધાએ ઝુલામાં બેસીને ઝુલવાનો આનંદ લીધો અને પછી અલ્પાહારની મજા માણી બધા છુટા થયા હતા.

નવા સત્રના ચુંટાયેલા મહિલા મંડળ સભ્યો આ પ્રમાણે છે. પ્રમુખ - શ્રીમતી દક્ષાબેન કમલભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રીમતી ઇલાબેન કમલેશભાઇ ચાવડા, રીતાબેન મુકેશભાઇ રાઠોડ, મંત્રી - શ્રીમતી ઉર્વશીબેન ભાવેશભાઇ ચૌહાણ, ખજાનચી - શ્રીમતી હિરલબેન નીતીનભાઇ ટાંક, ક્રિષ્નાબેન કિશોરભાઇ ચાવડા, ૬ સલાહકાર સભ્યો અને પાંચ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

## અંજાર મહિલા મંડળ



અંજાર મહિલા મંડળની સામાન્ય સભા દર મહિનાની પહેલી તારીખે મહિલા મંડળના પ્રમુખ સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં રાખવામાં આવે છે. દર મહિને નવી નવી સ્પર્ધાઓ રાખવામાં આવે છે જેમ કે એક મિનિટ, વાનગી સ્પર્ધા, સુશોભન, વેસ્ટમાંથી બેસ્ટ, શરબત વગેરે જેમાં બહેનો બહોળી સંખ્યામાં ભાગ લે છે. લક્કી ડ્રો પણ યોજવામાં આવે છે.

જુન મહિનામાં ગરમીની ઋતુને અનુલક્ષીને ઠંડા શરબત બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. ઓગસ્ટ મહિનામાં લોટમાંથી અવનવી અને સ્વાદિષ્ટ ચકરી બનાવવાની પ્રતિયોગીતા રાખેલ. પ્રથમ, દ્વિતીય, તૃતિય પુરસ્કાર શ્રી દીપાબેન જેઠવા તરફથી તથા ભાગ લેનાર દરેક બહેનોને મહિલા મંડળ તરફથી પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ.

મંડળ દ્વારા નવ ઓગસ્ટના ધાર્મિક પ્રવાસનું આયોજન સરહદ ડેરી, દુધઇ ટેકરી, ધમડકા, મોગલ માતા, પાંકડસર, આંકડેશ્વર મહાદેવ મધ્યે કરવામાં આવેલ. બીજો પ્રવાસ ૩૦ ઓગસ્ટના રોજ ભૃગુઋષિ મંદિર, ફોટ મહાદેવ, લાખાણી ડુંગર, શક્તિપીઠ, જડેશ્વર મહાદેવ મધ્યે યોજવામાં આવેલ. પ્રવાસમાં મહિલા મંડળ દ્વારા ભોજન વ્યવસ્થા રાખવામાં આવેલ. પ્રવાસમાં ધાર્મિક તથા સામાજીક પ્રશ્નોતરી કરી ફોટ મહાદેવમાં



કુદરતી ઝરણામાં ન્હાવાનો લ્હાવો લીધો. આમ રમણીય વાતાવરણમાં પ્રાકૃતિક સૌંદર્ય નિહાળી સાથે ભગવાનના દર્શન કરી સૌએ ખુબજ મોજ કરી હતી.

૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ બાલ કૃષ્ણને શણગારવાની સ્પર્ધા રાખવામાં આવેલ હતી. પ્રથમ, દ્વિતીય, તૃતિય વિજેતાને શ્રી ઇલાબેન ચાવડા તરફથી તથા સર્વે ભાગ લેનાર બહેનોને મંડળ તરફથી ઇનામો આપવામાં આવેલ. ચોથી ઓક્ટોબર શુક્રવારે મહિલા મંડળની મીટીંગમાં નાની બાળકાઓ માતાજી બનીને

આવેલ. જાણે સાક્ષાત જોગણીઓ હોય તેવું પ્રતિત થતું હતું. ૪૫ જેટલી બાળાઓ માતાજી બનીને આવેલ. જેઓ ખુબજ સુંદર લાગણી રહી હતી. દરેક કુમારીકાઓને મંડળ તરફથી હાર, કુંડળ, શણગાર આપવામાં આવેલ તથા રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. દરેક બહેનો દ્વારા કુમારીકાઓનું પૂજન કરવામાં આવ્યું. નિર્મળાબેન, સંગીતાબેન, વર્ષાબેન દ્વારા બાળાઓને ભેટ આપવામાં આવી. પ્રમુખ સવિતાબેન દ્વારા રોકડ રકમ તથા સૌને કુલ્ફીનો અલ્પાહાર સવિતાબેન ચૌહાણ તથા કુંદનબેન, માયાબેન તથા અન્ય બહેનો દ્વારા કરાવવામાં આવેલ.

અંજાર યુવા મંડળ દ્વારા આયોજીત નવરંગ નવરાત્રી મહોત્સવમાં મહિલા મંડળ દ્વારા માતાજીનો શણગાર, ફુલહાર, દિવેલ તથા પ્રસાદી, આરતીની થાળી તૈયાર કરાય છે. આ રીતે મહિલા મંડળ ઘટક તથા યુવા મંડળ સાથે દરેક પ્રવૃત્તિમાં બહુમુલ્ય સહકાર આપે છે.

## વડોદરા મહિલા મંડળ





પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ વડોદરા મહિલા મંડળ દ્વારા તા. ૬-૧૦-૨૪ના રોજ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકો, યુવક-યુવતીઓ તથા અન્ય વય જુથ પ્રમાણે વિવિધ હરીફાઇઓ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડોદરા ઘટક તથા યુવા મંડળ દ્વારા તન, મન, ધનથી સક્રીય યોગદાન સાંપડ્યું હતું. પ્રોગ્રામમાં માતાજીનો થાળ, સમુહ આરતી તથા સ્તુતી બાદ પ્રસાદનું વિતરણ કરાયું હતું.

ગરબા હરીફાઇ : ★ ૬ થી ૧૩ વર્ષની વય જુથમાં ગરબા રમવામાં પ્રથમ - હિતાંશી જયેશ રાઠોડ, દ્વિતીય - પ્રીશા દર્શિત ચાવડા, તૃતિય - કિર્તન રૂપેશ વાઘેલા તથા વેલ ડ્રેસ શ્રેણીમાં પ્રથમ - રાઘવ નિલેશ સોલંકી, દ્વિતીય - હિતાર્થ નિકુંજ ચાવડા. ★ ૧૪ થી ૩૦ વર્ષની વય જુથમાં પ્રથમ - આસ્થા દર્શીત ચાવડા, દ્વિતીય - ભવ્ય અશોકચંદ્ર પરમાર, તૃતિય - હીર ભાવેશભાઇ રાઠોડ રહ્યા હતા. જ્યારે વેલડ્રેસ શ્રેણીમાં પ્રથમ - પૂર્વી જગદીશભાઇ ચાવડા, દ્વિતીય - ઉર્વી દિનેશભાઇ ચૌહાણ રહ્યા હતા. ★૩૧ તથા ૩૧થી વધારે વય જુથમાં પ્રથમ - બીનીતા અલ્પેશ ટાંક, દ્વિતીય - અમૃતા માલવ વરૂ, તૃતિય - હિમાલી હર્ષ રાઠોડ રહ્યા હતા. આ શ્રેણીમાં વેલડ્રેસ જુથમાં પ્રથમ - વીધીતા લલીત રાઠોડ, દ્વિતીય - ઉમા પ્રમોદભાઇ રાઠોડ રહ્યા હતા. ★ કપલ ગરબા શ્રેણીમાં પ્રથમ - હર્ષિકા કપીલ ટાંક, કપીલ અમૃતલાલ ટાંક, દ્વિતીય - હર્ષ દિલીપભાઇ ટાંક, મીરલ હર્ષ ટાંક, વેલ ડ્રેસ શ્રેણીમાં પ્રથમ - હર્ષિક ટાંક તથા કપીલ ટાંક વિજેતા રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ વડોદરા ઘટક, યુવા મંડળ તથા અન્ય સૌ સમાજબંધુઓના સાથ-સહકારથી સફળ રહ્યો હતો. અંતે સૌ વિજેતાઓને ઇનામ વિતરણ તથા મહિલા મંડળના અન્ય બહેનોને લ્હાણી વિતરણ બાદ સૌ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ લઇ છુટા પડ્યા હતા.



## છત્તીસગઢ પ્રા.મહિલા મંડળ





છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા સત્રનું પ્રથમ પ્રવાસ ડોંગરગઢ ઘટકના આંગણે કરાવવામાં આવેલ. છત્તીસગઢ પ્રાદેશિકના પદાધિકારી બહેનો દ્વારામાં બમ્બ્લેશ્વરીના દર્શન કરી છ.ગ. પ્રાદેશિકના સલાહકાર નિશાબેન પ્રફુલભાઇ ચાવડાથી તેમના નિવાસ સ્થાને મુલાકાત લઇ સરીતાબેન પરમારના રેસ્ટોરેન્ટમાં સ્વાદિષ્ટ ભોજનનું આનંદ લીધેલ. ત્યાર બાદ મંડળના બહેન કવિતાબેન પરમારને ત્યાં ચેરપર્સન સરિતાબેન પરમાર, બિન્દુબેન જેઠવા, નિશાબેન ચાવડાના નેતૃત્વ હેઠળ મીટીંગ કરવામાં આવેલ. ડોંગરગઢના બહેનો દ્વારા ખુબજ આતિથ્ય સત્કાર, સમ્માન મળેલ ત્યાં બહેનોથી મુલાકાત કરી ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. મંડળના સર્વે બહેનોથી મળી ખુબજ આનંદ આવેલ. ત્યાર બાદ છ.ગ. પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા સાતમું આયોજન નવરાત્રીના પાવન અવસરે ઓનલાઇન ઝુમ પર મહિષાસુર મર્દિની સ્ત્રોતનું ઉચ્ચારણ પ્રશિક્ષણ સત્ર નિ:શુલ્ક પાંચ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર સુધી રાખવામાં આવેલ. સર્વે ઘટકના બહેનો તથા ભાઇઓએ આ પ્રશિક્ષણ સત્રમાં ભાગ લઇ સરસ, સરળ રીતે શ્લોકનું પઠન શુદ્ધ ઉચ્ચારણ સાથે શીખ્યા અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. પ્રશિક્ષણ આદ. શ્રીમતી અરૂણાબેન ચૌહાણ (રાયગઢ) દ્વારા ખુબજ સરળ રીતે સ્ત્રોત શીખવવામાં આવેલ તે માટે છ.ગ. પ્રાદેશિક મહિલા મંડળની ટીમ શુભેચ્છા પાઠવે છે. સાથે ટેકનીકલ રૂપે એમનું સાથ આપનાર ભિલાઇ ઘટકથી મેઘાબેન રાજેશભાઇ પરમારનું પણ સહયોળ મળેલ. છ.ગ. પ્રાદેશિકના સર્વે બહેનો અને ભાઇઓએ આ પ્રશિક્ષણ સત્રમાં ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ તે માટે સર્વેનો આભાર માનવામાં આવેલ.

## રાયપુર મહિલા મંડળ



રાયપુર મહિલા મંડળ સમર્પણ, સંગઠનની સાથે સેવાના ૫૦ વર્ષ પૂર્ણ કરવા જઇ રહ્યું છે. આ સ્વર્ણિમ વર્ષના દરમ્યાન અનેકાનેક આયોજન મહિલા મંડળે આયોજીત કર્યા અને આ આખું વર્ષ એમની ઉજવણી કરીશું. સ્વર્ણ જયંતિ મહોત્સવના શુભ અવસરે અખિલ ભારતીય મહાસભા અને અખિલ ભારતીય મહિલા મહામંડળ (રાયપુર)ના સમ્માનનીય પદાધિકારીઓ સાથે છત્તીસગઢ મહિલા સમિતિના માનવંતા બહેનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ બહુ સરસ યાદગાર રૂપે આયોજીત થયો. સ્વર્ણ જયંતિ સમારોહમાં ૧૯૭૪ થી ૨૦૨૪




સુધી જે જે પ્રમુખોએ આ પદને સંભાળીને પોતાની કાર્યકુશળતા, ક્ષમતા, યોગ્યતા સાથે મંડળને આગળ વધાર્યું એવા વંદનીય, પુજનીય બહેનોને તેમના પરિવાર સાથે શાલ, શ્રીફળ અને સુંદર આરતીની થાળી સાથે સમ્માનીય કર્યા હતા.

આ અવસરે જે જે યુવા બાળક-બાલીકાઓ વિશિષ્ઠ ઉપલબ્ધી મેળવી છે તેમને એમના માવિત્રો સાથે સમ્માન કરવામાં આવેલ સાથે ગીફ્ટ અને પ્રશસ્તી પત્ર આપવામાં આવેલ. મંચ પર ઉપસ્થિત માનવંતા પદાધિકારીઓનું ૫૦ વર્ષ લખેલ મોમેન્ટો સાથે ૫૦ વર્ષ લખેલ ગોલ્ડન કીરીંગ આપવામાં આવેલ ત્યાં ઉપસ્થિત સર્વે અતિથિઓ અને સમાજના સર્વે સભ્યોને પણ કિરીંગ આપવામાં આવેલ. કેક સેરેમની પણ કરવામાં આવેલ. સૌ ભાઇઓ-બહેનોએ આઇસ્ક્રીમ સાથે બપોરનું સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણેલ. સ્વર્ણ જયંતિ સમારોહના ભવ્ય આયોજન બાદ પ્રમુખશ્રી પુનમબેન મુકુંદરાય ટાંકનો કાર્યકાળ પૂર્ણ થયો અને નવા પ્રમુખની ઘોષણા કરવામાં આવેલ. મહિલા મંડળના નવા પ્રમુખશ્રી મનિષાબેન યોગેશભાઇ સોલંકી સર્વાનુમતે નવનિયુક્ત થયા છે.

## રાયગઢ મહિલા મંડળ



તા. ૧૫-૯-૨૪ના દિવસે રાયગઢ મહિલા મંડળની સામાન્ય સભા હનુમાન મંદિરના પ્રાંગણમાં ચાર બહેનો દ્વારા સામુહીક રૂપે રાખવામાં આવી હતી. બેઠકની શરૂઆત સર્વપ્રથમ ગણેશ વંદના અને ભજનની સાથે કરવામાં આવી હતી. શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળના આગામી સામાજીક કાર્યોની માહિતી મહિલા મંડળ પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી. સાથે જ સપ્ટેમ્બર મહિનાના તહેવારોની રોચક માહિતિ આપવામાં આવેલ. જેથી બહેનોને જ્ઞાનવર્ધન થાય. આયોજક બહેનો દ્વારા સુંદર રમત રમાડવામાં આવી હતી. વિજેતા બહેનોને પુરસ્કૃત કરવામાં આવેલ. છેલ્લે અલ્પાહારનો લઇ સહુ છુટા પડ્યા હતા.



## નાગપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મહિલા મંડળ દ્વારા નવરાત્રીનું આયોજન યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતીકાબેન ચૌહાણ દ્વારા રોજ નાના બાળકોને ઇનામો આપવામાં આવ્યા હતા તેમજ મોટી બહેનો માટે નવરાત્રી દરમ્યાન કમ્પીટીશન રાખવામાં આવેલ. જેમાં ઘરેથી તાજા ફુલોથી મુકુટને માતાજીનો ચુડલો બનાવીને લાવવાનું હતું. જેમાં પણ બહેનોને પ્રથમ, દ્વિતીય અને તૃતિયને મહિલા મંડળ તરફથી આપવામાં આવેલ તેમજ અષ્ટમીના દિવસે નાના-નાના



બાળકોને રાસ રમાડીને મહિલા મંડળ દ્વારા ઇનામો આપવામાં આવેલ.

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ



**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696

**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com



**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.**

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

## રાયપુર મુકામે આયોજીત વાર્ષિક અધિવેશનમાં ભાવભર્યું આમંત્રણ

## કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની સંયુક્ત બેઠકની કાર્યસૂચી

સહર્ષ નિવેદન કે, રાયપુર ઘટકના સ્નેહમય નિમંત્રણથી અખિલ ભારતીય યુવા મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૬ની વાર્ષિક બેઠક **તા. ૨૬/૧૨/૨૦૨૪, ગુરૂવારના સવારે ૧૦.૦૦ કલાકે, શ્રી મારૂતિ મંગલમ્ ભવન, રાયપુર (છત્તીસગઢ)** માં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા. યુવા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, યુવા મંડળના પ્રમુખો તથા સેવાભાવી યુવાઓની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના ★ મહામંત્રી દ્વારા સભાસદોનું સ્વાગત
★ દિપ પ્રાગટ્ય ★ શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશોઓનું વાંચન
★ વાર્ષિક હિસાબોની રજુઆત
★ અ.ભા. યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ મહાસભા પ્રમુખશ્રીનું માર્ગદર્શીય ઉદ્બોધન
★ અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ દ્વારા એહવાલોની રજુઆત
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા-નિર્ણય
★ પ્રાસંગીક પ્રવચન
★ પ્રમુખશ્રીની અનુમતીથી રજુઆત
★ મહામંત્રીશ્રીનું ઉદ્બોધન
★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા. યુવા મહામંડળ આપ સૌને મંડળના વાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા. યુવા મહામંડળ, આપના યુવા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને સરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રીશ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક તા. ૧૫-૧૨-૨૦૨૪ સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**તા.ક. : જે હોદ્દેદારશ્રીઓ મીટીંગમાં ઉપસ્થિત ન રહી શકે એમ હોય તેમણે લેખિતમાં પ્રમુખશ્રીને અગાઉથી જાણ કરવી.**

**:: વિનિત ::**

**શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક – વરીષ્ઠ મહામંત્રીશ્રી**

**શ્રી હેતુલભાઈ યતિનભાઈ જેઠવા – મહામંત્રીશ્રી**

શુભ

**અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી સર્વે સમાજબાંધવોને**
**દિવાળીને હાર્દિક શુભકામનાઓ એવં નૂતન વર્ષાભિનંદન**

લાભ



નૂતન વર્ષના નવલાં પ્રભાતે આપણો સમસ્ત સમાજ અંધશ્રદ્ધા, વહેમ, કપોળ કલ્પીત માન્યતાઓ રૂપી અંધકારને દૂર કરી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદી એવં પ્રકૃતિપ્રેમના સથવારે સુખ, સમૃદ્ધીનાં અવનવા શિખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ રામ રામ...

**શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક (પ્રમુખશ્રી)**
**તથા ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી હાર્દિક શુભેચ્છાઓ...**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે

# શ્રી કે.જી.કે. વૉકેશનલ એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટ તેમજ ડિપ્લોમા ફુડ પ્રોસેસિંગના કોર્ષનો શુભારંભ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન (મિસ્ત્રી બોર્ડિંગ) મધ્યે શ્રી કે.જી.કે. વૉકેશનલ એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટ તેમજ ડિપ્લોમા ફુડ પ્રોસેસિંગના કોર્ષનો શુભારંભ કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શ્રી મોહનભાઇ પટેલ, સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંતના કેન્દ્ર સંવાદ ડૉ. શ્રી મહેશભાઇ ઓઝા, ગુજરાત કિશાન સંઘના ઉપાધ્યક્ષ શ્રી શ્યામજીભાઇ મ્યાત્રા તેમજ સમગ્ર કચ્છના કૃષિ સાથે સંકળાયેલ ગણમાન્ય મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.




જેમાં રાષ્ટ્રિય મહાસભાના ઉપાધ્યક્ષ શ્રી વિનોદભાઇ જેઠવા, વિનોદભાઇ ચૌહાણ, ભોગીલાલભાઇ ચાવડા, બલરામભાઇ જેઠવા, મનોજભાઇ વેગડ, ભુજ ભવનના પ્રમુખ શ્રી દિપકભાઇ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી બાબુલાલભાઇ ચૌહાણ, મહાસભાના સલાહકાર શ્રી કુંવરજીભાઇ ટાંક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખ અને ઇન્સ્ટીટ્યુટના કો-ઓર્ડિનેટર તેમજ ભારત સરકારના કૃષિ અનુસંધાન સમિતિ દિલ્હીના મેમ્બર, હલધર એવોર્ડ પ્રાપ્ત ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં સંત શ્રી ત્રિકમદાસજી મહારાજ તેમજ સંત શ્રી કિર્તિદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા.

શ્રી ત્રિકમદાસજી મહારાજે આ સંસ્થા સાથેના પોતાના સ્મરણો યાદ કરી પ્રથમ નવરાત્રીના પવિત્ર દિવસે અંજાર શહેરને વ્યવસાયલક્ષી શૈક્ષણિક સંસ્થા મળી રહી છે તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. શ્રી કિર્તિદાસજી મહારાજે ગાણિતિક રીતે આજના દિવસનું મહત્વ સમજાવી આ સંસ્થા ખુબજ પ્રગતિ કરે તેવા આશીર્વાદ પાઠવી શિક્ષણના આ મહાન કાર્યમાં જ્યાં પણ અમારા જેવા સંતોની જરૂર પડે ત્યાં વિના સંકોચે સાથ-સહકાર આપવાની ખાત્રી આપી હતી. આજના ચીલાચાલુ શિક્ષણથી માત્ર ગ્રેજ્યુએટ બેકાર યુવાન તૈયાર કરવા કરતા શિક્ષણની સાથે વ્યવસાયની તાલિમ અને આવડત ધરાવતો યુવાન તૈયાર થશે તો તેને નોકરી નહીં મળે તો પણ પોતાની વ્યવસાયીક સોચના પરિણામે ગમે તે રીતે પોતાના પરિવાર માટે જરૂરી અર્થ ઉપાર્જન

કરી પરિવારને મદદરૂપ થવાની સાથે સાથે નિરાશા અને સામાજીક બદીઓથી દુર રહી ખોટા વિચારો કરવાને બદલે પોતાનામાં રહેલી સર્જનાત્મક શક્તિને કામે લગાડશે તેના ફળ સ્વરૂપ વ્યસન અને દુષણ મુક્ત સમાજનું નિર્માણ શક્ય બની રહેશે.

કચ્છ યુનિ.ના કુલપતિ શ્રી ડૉ. મોહનભાઇ પટેલે કોલેજ સંકુલની મુક્ત મને સરાહના કરી આવતા વર્ષથી જ બીજા અનેક વૉકેશનલ કોર્ષ શરૂ કરવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વૉકેશનલ પ્રોગ્રામ અંગે જાગૃતિ લાવવા તેમજ વિદ્યાર્થીઓને માત્ર કાગળ પર ગ્રેજ્યુએટ બનાવવા કરતાં વ્યવસાયલક્ષી તાલીમ આપી વિદ્યાર્થી પોતે જ વ્યવસાય માટે સજ્જ બને તે જ આ સમયની માંગ છે. અને મને પુરો વિશ્વાસ છે કે આવનાર સમયમાં આ સંસ્થા વૉકેશનલ કોર્ષિસનું હબ બની રહેશે. ડૉ. શ્રી મહેશભાઇ ઓઝાએ શિક્ષણના વર્તમાન પ્રવાહો અને તેના કારણે ઉત્પન્ન થયેલ બેકારીની સમસ્યા પર પ્રકાશ પાડ્યો હતો. તેઓશ્રીએ ગુરૂકુળ પરંપરાને યાદ કરી શિક્ષણના વ્યાપારીકરણ પર રોક લાગવવા સામાજીક સંગઠનોએ આગળ આવવું પડશે તેમ જણાવી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજે આ દિશામાં ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂં પાડ્યું છે તે બદલ શુભકામના પાઠવી હતી. કિશાન સંઘના શ્રી શ્યામજીભાઇ મ્યાત્રા, ગૌસેવાના હિમાયતી શ્રી મેઘજીભાઇ હીરાણીએ પ્રાસંગીક ઉદ્બોધન આપેલ હતું. સંસ્થાના સર સંયોજક શ્રી વિનોદભાઇ પઢિઆરે સંસ્થાના ૭૫ વર્ષના ઇતિહાસને યાદ કરી ઇન્સ્ટીટ્યુટ માટે જરૂરી માહિતિ તેમજ ફેકલ્ટી મેમ્બરનો પરિચય કરાવેલ હતો. પ્રમુખ સ્થાનેથી પોતાનું ઉદ્બોધન આપતા ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ સર્વેને આવકાર આપી સંસ્થાના ભવ્ય સંકુલ અને શિક્ષણની તકો ઉભી કરવા તેમજ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા માન. કુલપતિ શ્રી ડૉ. મોહનભાઇ પટેલનો મળેલ સહકાર બદલ ખાસ કચ્છ યુનિ.નો આભાર વ્યક્ત કર્યો હતો. એગ્રો પ્રોસેસિંગનું મહત્વ અને કચ્છ જીલ્લામાં તેની જરૂરીયાત તેમજ વ્યવસાયીક તકો વિશે સમજણ આપી હતી. કચ્છના દુર્ગમ વિસ્તારના ખેડુતોને ખેતીમાં પડતી તકલીફો, પાણીનું ઘટતું પ્રમાણ, હવામાનની બદલાતી પરિસ્થિતિ અને યોગ્ય પોષણક્ષમ વળતર ન મળવાના કારણે દિવસે-દિવસે ખેતી છોડી રહ્યા છે. સીમા પરના ગામળાના ખેડુતોને પડતી મુશ્કેલીઓ અને વૈજ્ઞાનિક અભિગમના અભાવજે જગતનો તાત બીચારો બની ખેતીને બદલે નાનું મજુરી કામ કરવા મજબુર બની રહ્યો છે. ખેડુત જો ખેતી છોડશે તો અન્ય લોકો અનાજ અને શાકભાજી ક્યાંથી લાવશે ? આવી અનેક મુશ્કેલીઓ ધ્યાને આવતા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજથી દસ વર્ષ પહેલા જ ૨૦૨૪-૧૫માં વૉકેશનલ એજ્યુકેશનની શરૂઆત કરાવી હતી પરંતુ જાગૃતિના અભાવે અને શૈક્ષણિક સંસ્થાઓની આર્થિક ઉપાર્જનની નીતિના કારણે કચ્છ જેવા વિશાળ જીલ્લામાં વ્યવસાયલક્ષી શિક્ષણને શરૂ કરવામાં ઉદાસીનતા જોવા મળી છે જેનું નુકશાન કચ્છના વિદ્યાર્થીઓને થયેલ છે. કચ્છ યુનિ.ના આદ. કુલપતિ ડૉ. શ્રી મોહનભાઇ પટેલે કચ્છમાં યુનિ.નો ચાર્જ સંભાળતા જ વધુમાં વધુ વૉકેશનલ કોર્ષિસ ચાલુ થાય તે માટે પ્રવૃતિશીલ રહ્યા છે અને તેમના હકારાત્મક અભિગમથી જ આ કોર્ષ શરૂ કરવા અમને પ્રેરણા મળી છે. ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ પોતાના પરિવારના સૌજન્યથી ક્લાસરૂમ માટે ડિજીટલ ડેસ્કબોર્ડ અને કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની સત્ર ફી આપવાના અનુદાનની જાહેરાત કરી હતી.

સંસ્થા દ્વારા તૈયાર કરેલા કલાસરૂમ, ઓફીસ રૂમ, કાર્યાલય, પુસ્તકાલય વગેરે રૂમો ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. અંજાર બોર્ડીંગના મંત્રી શ્રી મુકેશભાઇ ખોડીયારે આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેળવણી મંડળના મંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અંજાર ભવનના પ્રમુખ પાર્થભાઇ ચાવડાના માર્ગદર્શન હેઠળ મુકેશભાઇ ટાંક, હિંમતલાલ રાઠોડ, જીવરામભાઇ ચાવડા, પ્રદિપભાઇ ટાંક, કિશનભાઇ રાઠોડ, હિતેશભાઇ રાઠોડ, પિયુષભાઇ ટાંક, અનિલભાઇ ચૌહાણ, નિતિનભાઇ પરમાર, રમેશભાઇ ચૌહાણ, પ્રભુલાલભાઇ પરમાર, હરીલાલભાઇ વાઢેર વગેરેએ જહેમત ઉઠાવી હતી.


## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૩-૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

# શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ દ્વારા ભુજ ભવન કળશ સ્થાપનની પૂજન વિધી યોજાઇ તથા ભુજ વિદ્યાર્થી ભવનમાં નિઃશુલ્ક મડવર્ક તાલીમ કોર્ષનું આયોજન થયું



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત ભુજ વિદ્યાર્થી ભવનની સ્થાપનાનો કળશ સ્થાપિત થયાને ૧૦૦ વર્ષ પુરાં થતાં આ ગૌરવાન્વિત ક્ષણોની યાદગીરીમાં કળશ પૂજનવિધીનું આયોજન રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન મધ્યે મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખો શ્રી ધીરેનભાઇ દયારામભાઇ ટાંક, શ્રી ઉમેશભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ, મંત્રી શ્રી ઉમંગભાઇ મુકુન્દભાઇ પરમાર, માજી પ્રમુખો શ્રી જયંતિલાલ વમલજીભાઇ વાઘેલા તથા શ્રી હિમાંશુભાઇ પરમાર તેમજ સંસ્થાને લાંબા સમય સુધી પોતાની નિષ્ઠાવાન સેવઓ આપનાર ભુજ ભવનના પૂર્વ પ્રમુખ સ્વ. નાનજીભાઇ બેચરભાઇ ચૌહાણના ધર્મપત્ની ગં.સ્વ. દયાબેન નાનજીભાઇ ચૌહાણ અને ભુજ ઘટકના પ્રમુખ ડૉ. શ્રી દેવેન્દ્રભાઇ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ સૌનું મીઠું મોઢું કરાવી આ ઐતિહાસીક ક્ષણના સાક્ષી બનવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીની દિર્ઘદષ્ટિ તેમજ વ્યવસાયલક્ષી કોર્ષનું શિક્ષણ વિદ્યાર્થી ભવન સંકુલમાં મળી રહે તેવા ઉદ્દેશથી ભુજ





શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના હસ્તે તા. ૨૮/૮/૨૪ના રોજ કરવામાં આવેલ હતું. મંડળના પ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધીથી આયોજીત કળશ પુજન અને શાંતિ હવનમાં વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી દિપકભાઇ નાનજીભાઇ ચૌહાણ તથા શ્રીમતી માયાબેન દિપકભાઇ ચૌહાણ તેમજ માજી વિદ્યાર્થી અને દાતાશ્રી સુરેશભાઇ રણછોડભાઇ પરમાર અને શ્રીમતી રસિલાબેન પરમાર દંપતિએ ભાગ લીધો હતો.

કળશ પૂજનમાં ઉપસ્થિતોએ શાંતિ હવનમાં આહુતિ આપ્યા બાદ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના હસ્તે કળશની પૂજા કરી વિદ્યાર્થી ભવનના હોલમાં આવેલ સરસ્વતીજીના મંદિરમાં સ્થાપન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વિદ્યાર્થી ભવન મધ્યે તા. ૧૬-૯-૨૪ના બહેનો માટેનો નિઃશુલ્ક મડવર્ક ક્લાસીસ કોર્ષ શરૂ કરવામાં આવેલ હતો. સરકાર માન્ય અને મહિલા ઉદ્યોગ સાહસિક્તા, આજીવિકા વૃદ્ધિ અને વિકાસ હેઠળના તાલીમ અને ક્ષમતા નિર્માણ (વી-લીડ) આયોજીત તથા શ્રી કે.જી.કે. વૉકેશનલ એજ્યુકેશન ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટના બેનર હેઠળ શરૂ થયેલ આ કોર્ષના પ્રારંભે મંડળના પ્રમુખશ્રી ડૉ. મનોજભાઇ સોલંકીએ દીપ પ્રાગટ્ય કરી સ્ટાર્ટ આપેલ હતો. મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઇ ટાંક, ભુજ ઘટકના મંત્રી શ્રી વિજયભાઇ સોલંકી, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ભુજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, સંચાલિકા શ્રીમતી લક્ષ્મીબેન પ્રજાપતિ તથા સંયોજીકા શ્રીમતી ચૈતાલીબેન પાર્થ



ચૌહાણ અને ભુજ મહિલા મંડળના હોદ્દેદારો શ્રીમતી હસ્મિતાબેન પરમાર, શ્રીમતી ચંદ્રિકાબેન ચૌહાણ, શ્રીમતી રાખીબેન જેઠવા તથા શ્રીમતી ભાવિકાબેન વાઘેલા હાજર રહ્યા હતા. તા. ૩/૧૦/૨૪ના રોજ આ મડવર્ક તાલીમ કોર્ષનું સમાપન મંડળના પ્રમુખશ્રી ડૉ. મનોજભાઇ પી. સોલંકીના અધ્યક્ષપદે રાખવામાં આવેલ હતું. જેમાં મડવર્કની તાલીમ લીધેલ ૫૦ જેટલી બહેનોએ પોતાની સુંદર કલાકૃતિનું પ્રદર્શન કરેલ હતું. તાલીમાર્થી બહેનો માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેની વિજેતા બહેનોને શ્રીમતી રસિલાબેન તથા શ્રી સુરેશભાઇ રણછોડભાઇ પરમાર - ભુજ દ્વારા પુરસ્કાર આપવામાં આવેલ હતા.

મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણે સંસ્થાનો પરિચય આપેલ હતો. ભુજ ભવનના પ્રમુખ શ્રી દિપભાઇ ચૌહાણે સૌ બહેનોને આવકાર આપી દરેક આયોજનોમાં ભુજ



સંચાલન સમિતિનો સંપૂર્ણ સહયોગ રહેવાનું જણાવેલ હતું. શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી અમિતાબેન સોલંકીએ પણ બહેનોને શાબ્દિક પ્રોત્સાહન આપેલ હતું. ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ બંને વિદ્યાર્થી ભવનોમાં વિદ્યાર્થીઓની ઘટ વચ્ચે આ શિક્ષણ સંકુલોનો ડી.વૉક તાલીમો માટે કરવામાં આવનાર ઉપયોગની વિગતવાર જાણકારી આપેલ હતી તેમજ મડવર્ક તાલીમ લેનાર બહેનો આ તાલીમનો વ્યાવસાયીક ઉપયોગ કરી જીવનમાં પગભર બને તેવી શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ હતું. અંતમાં આ તાલિમ કોર્ષના સંચાલિકા શ્રીમતી લક્ષ્મીબેન પ્રજાપતિ, શ્રીમતી મીનાબેન તથા વિશેષ રૂપે સંયોજીકા તરીકેની જવાબદારી સંભાળનાર શ્રીમતી ચૈતાલીબેન પાર્થ ચૌહાણનું વિશેષ સન્મન કરવામાં આવેલ હતું. સંચાલન શ્રીમતી ચૈતાલીબેન ચૌહાણે જ્યારે વ્યવસ્થા શ્રી ધીરેનભાઇ ટાંક તથા ભુજ બોર્ડીંગના ગૃહપતિ અને વિદ્યાર્થીઓએ સંભાળેલ હતી.

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ચૌહાણ પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનકે હવનાષ્ટમિના હોમ-હવન, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દાતાઓ, સેવાભાવીઓ તથા પત્રકારનું સન્માન કરવામાં આવેલ હતું. હોમ-હવન બાદ માતાજીને નૈવેધ ધરાવી દાતાશ્રી સ્વ. તેજીબેન માધવજીભાઇ ચૌહાણ પરિવાર - ઓખા દ્વારા મહાપ્રસાદ આપવામાં આવેલ હતો. ત્યાર બાદ યોજાયેલ સન્માન સમારોહમાં મહાપ્રસાદ દાતાશ્રી પરિવાર સાથે ધર્મભૂમિ પૂર્તિમાં હંસવાહિની બ્રહ્માણી માતાજીનો લેખ લખનાર 'કચ્છમિત્ર'દૈનિકના પત્રકાર અને ચૌહાણ પરિવારના ગોઠી અનુયાયી નરેન્દ્રભાઇ ચૌહાણ - દહીંસરાનું ૫૦ વર્ષથી માતાજીની સેવા કરનાર સ્થાપિત ભુવા અમરસિંહભાઇ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

આ સાથે સેવાભાવી કાર્યકરો ભુપતભાઇ ચૌહાણ,



દિલીપભાઇ ચૌહાણ, મિતેશભાઇ ચૌહાણ, દિનેશભાઇ ચૌહાણ તથા રોમેક્ષ ચાહાણનું સેવા સન્માન કરવામાં આવેલ હતું. આ સન્માન ચૌહાણ પરિવારના પ્રમુખ મોહનભાઇ ચૌહાણ, મંત્રી વિનોદભાઇ ચૌહાણ, હોદ્દેદારો બાબુભાઇ ચૌહાણ, નવિનભાઇ ચૌહાણ, હેમરાજભાઇ ચૌહાણના હસ્તે કરવામાં આવેલ હતા. મહારાષ્ટ્ર, ઓરિસ્સા, છત્તીસગઢ, રાજસ્થાન જેવા રાજ્યોથી

પધારેલા પરિવારના સભ્યો દિલીપભાઇ ચૌહાણ - ચંદ્રપુર, ડૉ. નરેન્દ્રભાઇ ચૌહાણ - ઉદયપુર, રિતેશ ચૌહાણ - રાયપુર તથા જયંતિભાઇ ચૌહાણ - બાલાસોરએ આયોજન બદલ ખુશી વ્યક્ત કરી વ્યવસ્થા સમિતિને અભિનંદન આપેલ હતા. ત્યાર બાદ શ્રી મોહનભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં મંત્રીશ્રી વિનોદભાઇ ચૌહાણે સ્થાનક વહીવટનો અહેવાલ તથા વાર્ષિક હિસાબો રજુ કરેલ હતા તેમજ આગળ જતાં કરવાના થતા વિકાસ કાર્યોનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ પ્રસંગે ગામના પાદરે ઐતિહાસીક નર્મદેશ્વર મહાદેવના મંદિરમાં શૌચાલય નિર્માણ માટે રૂા. ૫૦,૦૦૦ નું દાન એકત્રિત કરવામાં આવેલ હતું. સંચાલન અને આભારદર્શન રમેશભાઇ ચૌહાણે કરેલ હતા. સોમનભાઇ ચૌહાણ, પ્રકાશભાઇ ચૌહાણ, કપિલ ચૌહાણ તથા શાંતિલાલ ચૌહાણે વ્યવસ્થા સંભાળી હતી. આચાર્યશ્રી જનકભાઇ દવેએ હવનવિધી સંપન્ન કરાવેલ હતી.

# હાજાપર મધ્યે પરમાર પરિવારના કુળદેવી પીઠળ માતાજી મંદિરે હોમ-હવન યોજાયો

હાજાપર મધ્યે પરમાર પરિવારના કુળદેવી પીઠળ માતાજી મંદિર પરિસરમાં હવનાષ્ટમી નિમિત્તે હોમ હવન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨.૦૦ કલાકે ગોઠી ભાઈઓ- હોમહવન વિધિમાં બિરાજમાન છે, નવદંપતીઓની ઉપસ્થિતિમાં શ્રીફળ હોમવામાં આવેલ હતું. ૧૨.૩૦ મહાઆરતીના સંગાથે બહેનોએ રાસ ગરબાની રમઝટ બોલાવી પરિસર ભક્તિમય બન્યું હતું. મંદિર પરિસરમાં ગોઠી ભાઈઓની વિરાટ હાજરી વચ્ચે બ્રહ્માકુમાર બાબુભાઈ પરમારે શાબ્દિક સ્વાગત કરીને પરિસરમાં યોજાયેલ બેઠકમાં આનુષંગિક કાર્યો હાથ ધરવા બેઠકમાં સર્વાનુમતે વિકાસ કામોને બહાલી આપવામાં આવી હતી. મંદિર પરિસરમાં યોજાયેલા હવનાષ્ટમી પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પ્રમુખ અને સમાજરત્ન આદ શ્રી વિનોદભાઈ



તેને સફળતા મળી છે. બ્રહ્માકુમારશ્રી બાબુભાઈ અરજણભાઈ પરમારે જણાવ્યું હતું કે આપ સૌનો મંદિર પરિસરમાં કાર્ય કરવા તન મન અને ધન થી સહયોગ મળેલ છે, અને મળતો રહેશે. આ પ્રસંગે પીઠડધામ મંદિર પરિસરના સંયોજક શ્રી ધીરજલાલ






પરસોતમભાઈ સોલંકીનું પરમાર પરિવારના ગોઠી ભાઈઓ તરફથી આજના કાર્યક્રમ ના મુખ્ય દાતા શ્રી અર્જુનભાઈ ભાણજી પરમારે સન્માન પત્ર-સાલ-ફલહાર અર્પણ કરીને જાહેર અભિવાદન કરેલ હતું. ગોઠી પરિવારના આ.શ્રી બ્રહ્મા કુમાર બાબુભાઈ અરજણભાઈ પરમારની રાષ્ટ્રીય મહાસભામાં ઉપપ્રમુખ તરીકે વરણી થતાં સન્માન કરવામાં આવેલ હતું. સન્માનનો પ્રત્યુત્તર આપતાં મહાસભાના પ્રમુખ સમાજરત્ન આ. શ્રી વિનોદભાઈ પરસોતમભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે સેવાનો ભાવ હોય, માથે ગુરુનો પ્રભાવ હોય, ત્યારે હું જે પણ કાર્ય કરું છું અરજણભાઈ પરમારે પરમાર પરિવાર વતીથી શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ હોમહવન- વિશિષ્ટ સત્કાર સન્માન સમારંભ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રદીપ પરમાર, પ્રીતેશ પરમાર, સંજયભાઈ પરમાર, હરીશ પરમાર, મહેશ પરમાર, રમેશ પરમાર, જીતેન્દ્ર પરમાર, લીલાધર પરમાર, અંકિત પરમાર, રાજુભાઇ પરમાર, નારણભાઈ પરમાર, ભૂમિત પરમાર, સંદીપ પરમાર સૌ ગોઠી ભાઈઓ-હોદેદારો-ભક્તોએ જહેમત લીધી હતી. પરિસરમાં યોજાયેલ હોમહવન સત્કાર સમારંભનું સંચાલન શ્રી સંજય પરમાર કરેલ હતું. અંતમાં આભાર વિધિ શ્રી પ્રદીપ ભાઈ પરમારે કરેલ હતી.

## સમાજ ગૌરવ



નાગપુર (નાગલપર) નિવાસી તરૂણભાઇ ચૌહાણની સુપુત્રી એડવોકેટ રાજવી તરૂણભાઇ ચૌહાણે એલ.એલ.બી. ની ડિગ્રી પ્રાપ્ત કરી નાગપુર ઘટક અને ચૌહાણ પરિવારનું નામ રોશન કરવા બદલ અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના...

## 'દિવાળી' સમૃદ્ધિ અને સંપન્નતાનું મહાપર્વ



આપણે વૈવિધ્યસભર ઉત્સવો ઉજવીને આપણી ભારતીય સંસ્કૃતિના આદર્શોને ઉજાગર કરીએ છીએ. જીવનમાં ઉમંગ ઉત્સાહ વધારવા માટે તહેવારો ખૂબ મોટો ભાગ ભજવે છે. સાથે સાથે આસ્થા અને આધ્યાત્મિક્તાની ઉર્જા પેદા કરે છે. દિવાળીનો તહેવાર તો સમૃદ્ધિ અને સંપન્નતાનું પર્વ છે. દિવાળીનું પર્વ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશના લોકો પણ પોતાની રીતે ઉજવે છે. પરંતુ તેનો સંબંધ તો ભારતીય સંસ્કૃતિ સાથે જ જોડાયેલો છે. દિવાળીના પર્વને સિંગાપુરમાં 'દીપમવલ્લી', થાઇલેન્ડમાં 'ક્રિયમ', મલેશીયામાં 'હરીદીપાવલી' વગેરે... આમ જુદા જુદા દેશોમાં પોત-પોતાની રીતે દિવાળી ઉજવવામાં આવે છે. લક્ષ્મી પૂજા કરી સુખ સમૃદ્ધિની કામના રખાય છે. દિવાળીના લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન, મિઠાઇ, નવા વસ્ત્રો પરિધાન કરવામાં આવે છે અને મંગલ મિલન મનાવવામાં આવે છે.

આપણે દર વર્ષે ધનતેરસના દિવસે ધન પૂજા કરીને લક્ષ્મીજીનું આહ્વાન કરીએ છીએ. નવી ખરીદી પણ કરીએ છીએ. કળીયુગ માટે તો એવું કહેવામાં આવે છે કે આવી પતિત દુનિયામાં તો દેવી દેવતાઓનો પડછાયો પણ ન પડી શકે તો ખુદ લક્ષ્મીજી કેવી રીતે આવશે ? વાસ્તવમાં આત્માની જ્યોતિ જગાડવાની જરૂરત છે.

કાળી ચૌદશનો દિવસ ઘોર અજ્ઞાન અંધકારનો હોય છે. એવું કહેવામાં આવે છે કે ચિરાતીત કાળમાં દૈત્ય નરકાસુરે આખી સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવી દીધું હતું. ભગવાને તેનો નાશ કરીને સર્વેને અસુરના ભયથી મુક્ત કરેલ હતા. બીજી એક કથામાં એવું વર્ણન છે કે દૈત્ય રાજા બલિએ ભૂમંડલ પર પોતાનું એકચક્રી શાસન જમાવી લીધું હતું. આસુરીયતના કારણે ધર્મ, નિષ્ઠા નાશ પામી હતી. બલિરાજાએ શ્રીલક્ષ્મી અને શ્રીનારાયણને પણ બંદી બનાવી લીધા હતા. એવા સમયે ભગવાને બલિરાજાની આસુરી શક્તિ પર વિજય પ્રાપ્ત કરાવીને દેવી દેવતાઓને મુક્ત કર્યા હતા.

આ બન્ને આખ્યાનો પરથી એવો બોધ મળે છે કે નરકાસુર મનોવિકારોનો પર્યાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારને ગીતામાં નરકના દ્વાર કહ્યા છે. વિશ્વમાં વિકારો રૂપી અસુરોનું આધિપત્ય પ્રબળ બને છે ત્યારે પરમાત્મા અવતરિત થઇ સર્વે માનવજાતીને ઇશ્વરીય જ્ઞાન આપી વિકારોથી મુક્ત કરે છે. લક્ષ્મી નારાયણના સ્વતંત્ર રાજ્ય શરૂ થવાના એક દિવસ પૂર્વે દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. નવા વર્ષમાં એકબીજાને હેપ્પી ન્યૂ ઇયર કહીને શુભેચ્છાઓ પાઠવીએ છીએ. મીઠાઇ તો ખાઇએ અને ખવડાવીએ છીએ સાથે સાથે મીઠા બોલની મીઠાઇ ખવડાવીએ તો જીવન મીઠું મધુર અવશ્ય બની જાય. પરમપિતા પરમાત્મા દીપરાજ છે. જે કળીયુગ અંત, અજ્ઞાન અંધકારના સમયે, ધર્મની અતિ ગ્લાનિના સમયે ધરા પર અવતરિત થઇ સર્વે આત્માઓની જ્યોતિ ફરીથી જગાડે છે જેનું યાદગાર પર્વ દિવાળી છે. અસ્તુ. જય સમાજ... જય સીયારામ...

– માયાબેન ભરતભાઇ વાઢેર – અંજાર

## અનંતની યાત્રાએ...

ગોંદિયા (દેવળીયા) નિવાસી શ્રીમતી લીનાબેન અશ્વિનભાઇ ચાવડા (ઉ.વ.૫૩)નું તા. ૩૦-૯-૨૪ના રોજે અવસાન થયેલ છે.

ભિલાઇ (સિનુગ્રા) નિવાસી શ્રી મનોહરલાલ પોપટલાલ વાઢેર (ઉ.વ.૮૬)નું રોજ અવસાન થયેલ છે.

નાગપુર (ચંદીયા) નિવાસી સુનિતાબેન સુરેશભાઇ ચાવડાનું તા. ૨૬-૯-૨૪ના રોજ અવસાન થયેલ છે.

હિંમતનગર (અંજાર) નિવાસી દિપાબેન પંકજભાઇ ખોડિયારનું તા. ૪-૧૦-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી શ્રી નરભેરામભાઇ અર્જુનભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૧૧-૧૦-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી માધવજી કરસનભાઇ ચૌહાણ (ઉ.વ.૯૦)નું તા. ૨૭-૯-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર નિવાસી શ્રી અરૂણભાઇ દેવરામભાઇ રાઠોડ (ઉ.વ.૮૨)નું તા. ૧૯-૯-૨૪ના રોજે અવસાન થયેલ છે.




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

**Rathod Chambers**
Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Ashok A. Rathod - 9898 907740
Rajen A. Rathod - 9898 907744
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Paras C. Rathod

Date of Birth : 15th April 1995
Birth Time : 9.30 am
Birth Place : Bhuj (Kutch)
Sunshine : Virgo (Kanya)
Height : 5'7"
Blood Gp. : A+
Hobbies : Playing Cricket & Badminton
Gotra : Gautam
Kuldevi : Shri Momay Chamunda Mataji Junavas, Madhapar
Education : B.Com.
Occupation : Cashier & Accountant at Sanskar School Bhuj (2.64 Lakhs Per Annum)
**Father : Chandulalbhai Pragjibhai Rathod** (Retired from GETCO, Farmer)
**Mother : Sarlaben Chandulalbhai Rathod** (Home-maker)
**Dada : Lt. Pragjibhai Shivjibhai Rathod**
**Dadi : Lt. Veeraben Pragjibhai Rathod**
**Ygr. Sister : Urvi Javal Tank (B.E. Computer)**
**Brother In Law :Javal Ishwarlal Tank** (B.E. Mechanical) 78, Mangalvilla, Antarjal, Adipur
**Mosad : Sudhaben Narshi Chauhan - Kukma**
**Dayaram Narshi Chauhan**
**Jayprakash Narshi Chauhan**
**Contact : Chandulal Rathod - 9429006706**
**Sarlaben Rathod - 9408528684**
Address : 30-B, Vishal Nagar, Bhudiya Seri-4, Junavas, Madhapar - 370020.




## Pinali Parmar

Date of Birth : 23/11/1997
Birth Time : 10:30 pm
Birth Place : Madhapar
Height : 5 Ft. 4 Inches
Gotra : Bharadwaj
Kuldevi : Shri Momai Mataji
Native Place : Kukma
Education : B.E. Electrical (GEC Bhuj)
Occupation : Engineer at Re-new Power (Bhuj)
Hobbies : Travelling, Listening Music
**Father : Pravinbhai Murjibhai Parmar**
**Mother : Bhartiben Pravinbhai Parmar**
**Sister (Elder) : Vaishali Hardik Chawda** (Gandhidham)
**Brother (Ygr.) : Yash Parmar**
**Mosad : Lt. Harilal Bhanji Yadav (Nana)**
**Lt. Harikuvar Harilal Yadav (Nani)**
**Lt. Sanjay Harilal Yadav (Mama)**
**Anjana Sanjay Yadav (Mami)**
Madhapar
Address : Pirvali Seri, Aiyanagar, Junavas, Madhapar (Bhuj-Kutch)
**Mob. No. : 9586944955 (Father)**
**9099641916 (Mother)**
**8141669988 (Sister)**



# हार्दिक अभिनंदन

## CA પરાગ ઉમેશભાઈ રાઠોડ

CA INDIA — ભુજ (કચ્છ) — CA INDIA

શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી, માતા-પિતાના આશીર્વાદ તથા પરિવારજનોની શુભકામનાથી સખત મહેનત અને પરિશ્રમના અંતે ચિ. પરાગ ઉમેશભાઈ રાઠોડ એ CA ની પરીક્ષા પાસ કરી સફળતા મેળવી પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. આપ ઉતરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા...

:: શુભેચ્છક પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. ગીતાબેન ઉમેશભાઈ રાઠોડ | (માતા-પિતા) |
| શ્રીમતી નિરૂપમાબેન કેયુરભાઈ ટાંક | (બહેન-બનેવી) |
| શ્રીમતી દેવ્યાની ચિરાગભાઈ ચાવડા | (બહેન-બનેવી) |
| શ્રીમતી કમલાબેન રમેશભાઈ રાઠોડ | (મોટીમાં-મોટાબાપા) |
| ગં.સ્વ. અમરતબેન ગોપાલભાઈ ટાંક | (નાની-નાના) |
| શ્રીમતી ભારતીબેન રામજીભાઈ ટાંક | (મામી-મામા) |
| શ્રીમતી અપેક્ષાબેન હિતેશભાઈ ટાંક | (મામી-મામા) |


## ॥ શુભ દિપાવલી એવં નૂતન વર્ષાભિનંદન ॥





સમસ્ત ભારતભરમાં વસતા તમામ સમાજબાંધવોને દિપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. દિપાવલી પર્વ આપના જીવનમાં ઉજાસ, સર્વ પ્રકારે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યપ્રદ નિવડે તેવી પ્રભુ શ્રીરામચંદ્ર ભગવાનના શ્રીચરણોમાં પ્રાર્થના....

**નૂતન વર્ષની શરૂઆતમાં આપના બહુ મુલ્ય જીવનને જીવન વિમા, આરોગ્ય વિમા, જનરલ ઈન્સ્યુરન્સ (360°)થી સુરક્ષીત કરો**



**ઘરબેઠા ઑનલાઈન, પેપરલેસ, ટાઈમલેસ નવી વિમા પોલીસીની સેવા* ઉપલબ્ધ છે**

**:: ભવિષ્ય સુરક્ષા હેતુ સુચન ::**

- સંપૂર્ણ પરિવાર સુરક્ષા વિમા
- સ્વાસ્થ્ય વિમા કેશલેશ સુવિધા સાથે
- જીવનભર આવકની બચત યોજના
- બાળકોની ઉચ્ચ શિક્ષા અને લગ્ન માટે બચત યોજના
- સ્પેશ્યલ કન્યાદાન વિમા યોજના
- પેન્શન વિમા બચત યોજના
- વાહન, મકાન એવં દુકાનનો વિમો
- કરોડપતિ યોજના
- વિદેશ યાત્રા વિમો

નૂતન વર્ષના શુભારંભે... LIC એ October'24 થી શરૂ કરેલા નવા આકર્ષક પ્લાનનો ઉઠાવો લાભ આજે જ સંપર્ક કરો

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE
LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
MDRT®

# MITESH J. KHODIYAR

STAR Health Insurance — HDFC ERGO Take it easy! — IFFCO-TOKIO GENERAL INSURANCE Muskurate Raho — Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

ૐ શાંતિ... # ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ...



## સ્વ. દમયંતિબેન હીરાલાલ વરૂ

**દેશમાં ગામ : અંજાર, હાલ મુકામ : ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)**

**સ્વ. તા. ૧૬–૦૯–૨૦૨૪**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહિં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

પતિ : સ્વ. હીરાલાલ હરિલાલ વરૂ

પુત્ર : સ્વ. જયંતભાઇ હીરાલાલ વરૂ
પુત્રવધુ : ગં.સ્વ. મીનાક્ષીબેન જયંતભાઇ વરૂ

પૌત્ર : જયદીપ જયંતભાઇ વરૂ
પૌત્રવધુ : અ.સૌ. હિમાની જયદીપ વરૂ

નિઝામાબાદ (તેલંગાણા)

જમાઇ : સ્વ. અમૃતલાલ દેવરામભાઇ ચાવડા
પુત્રી : સ્વ.ગં.સ્વ. જ્યોતિબેન અમૃતલાલ ચાવડા

દોહીત્ર : દીપક અમૃતલાલ ચાવડા
દોહીત્રી : અ.સૌ. આરતીબેન પ્રજય સાલ્વે

ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)

જમાઇ : દિલીપભાઇ વેદાંત
પુત્રી : અ.સૌ. ચંપાબેન દિલીપભાઇ વેદાંત
દોહીત્રી : અ.સૌ. દીપ્તીબેન રાહુલભાઇ બોલાની
જાલના (મહારાષ્ટ્ર)

જમાઇ : અનિલભાઇ નરસીભાઇ ચૌહાણ
પુત્રી : સ્વ. મંજુલાબેન અનિલભાઇ ચૌહાણ
દોહીત્ર : મુકેશભાઇ અનિલભાઇ ચૌહાણ
દોહીત્રી : અ.સૌ. હિમાનીબેન જીતેનભાઇ રાઠોડ
પુના (મહારાષ્ટ્ર)

**સમસ્ત વરૂ પરિવાર - ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) (Vinoo Cafe - Aurangabad)**

પ્રેષક : અનિલભાઇ નરસીભાઇ ચૌહાણ – પૂના મો. ૯૦૪૯૩૪૧૧૬૬

# ૧૭મી પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. દયારામભાઈ પ્રેમજીભાઈ પઢિઆર

સ્વ. તા. ૧૫-૧૧-૨૦૦૭

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવક । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥

અંજલી માટે શબ્દો ઓછા પડે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે, આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,તમારી મીઠી તસ્વીર જોઈ સ્મરણ તમારું આવે છે.... સ્નેહ લાગણીથી હૃદયમાં સૌના વસતા રહ્યા, જીવનની હર પલ હસતા-હસાવતા રહ્યા, ચંદનની જેમ ઘસાઈને સુવાસ ફેલાવતા રહ્યા, ૧૭મી પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાસુમન... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| નરેન્દ્ર દયારામ પઢિઆર | પુત્ર | સ્વ. ગિરધરલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| ભાવના નરેન્દ્ર પઢિઆર | પુત્રવધુ | શ્રી નંદલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| દિનેશ દયારામ પઢિઆર | પુત્ર | શ્રી ઘનશ્યામ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| લતા દિનેશ પઢિઆર | પુત્રવધુ | સ્વ. હંસા મનહર ચૌહાણ | દિકરી-જમાઈ |
| કનક દયારામ પઢિઆર | પુત્રી | દમયંતી રમેશ ચૌહાણ | દિકરી-જમાઈ |
| પૂજા મ્રિદુલ ચૌહાણ | પૌત્રી-જમાઈ | ભાવના દેવેશ ટાંક | દિકરી-જમાઈ |
| રક્ષીના શીવેન શ્રીવાસ્તવ | પૌત્રી-જમાઈ | અર્જુન મનહર ચૌહાણ | દોહીત્ર |
| દિશા જીગર શાહ | પૌત્રી-જમાઈ | પલ્લવી સુર્યકાન્ત રાઠેડ | દોહીત્રી-જમાઈ |
| ખ્યાતી દિનેશ પઢિઆર | પૌત્રી | ઘનશ્યામ રમેશ ચૌહાણ | દોહીત્ર |
| અનુષ્કા દિનેશ પઢિઆર | પૌત્રી | નકુલ દેવેશ ટાંક | દોહીત્ર |

**સમસ્ત પઢિઆર પરિવાર**

**:: નિવાસ સ્થાન ::**
"પ્રેમવિલા"
પ્લોટ નં. ૪૦૬, જી.આઈ.ડી.સી. કોલોની,
ઉમરગાંવ, જી. વલસાડ (ગુજ.)

**:: ફર્મ ::**
Grindbeck Unit I & II
Gujarat Cork & Rubber Pvt. Ltd.
Agglo Cork Pvt. Ltd. Umergaon
Puja Insulation - Baroda

# સાતમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



**જન્મ**
**૨૬ માર્ચ ૧૯૮૫**

**સ્વર્ગવાસ**
**૧૮ નવ્હેંબર ૨૦૧૭**

## સ્વ. વૈભવ રસિકલાલ રાઠોડ

કુંભારિયા-ઔરંગાબાદ-મહારાષ્ટ્ર

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી, દરેક ક્ષણે યાદ આવે છે અમને ગેરહાજરી તમારી,
સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, આશાઓ અમારી અધુરી રહેશે ક્યાં ખબર હતી,
અચાનક આંખડી મીચાંઈ જશે ક્યાં ખબર હતી.
રહી ગઈ છબી તસ્વીરમાં, રહે મૃત્યુબાદ સ્મરણોની છાયા, રડતા મુકી ચાલ્યા ગયા લગાડી અમોને સૌને માયા,
સ્વપ્નો થઈ ગયા ચકનાચુર, અમારી આશાઓ અધુરી રહી ગઈ.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતી આપે એજ પ્રાર્થના

### શોકમગ્ન પરિવારજનો

| | |
|---|---|
| સ્વ. દયારામભાઈ પ્રેમજી રાઠોડ (દાદા) | શ્રીમતી લિલાબેન દયારામભાઈ રાઠોડ (દાદી) |
| રસિકભાઈ દયારામભાઈ રાઠોડ (પિતા) | અ.સૌ. રેખાબેન રસિકભાઈ રાઠોડ (માતા) |
| રોહન બાબારાવ રાઊત (બનેવી) | અ.સૌ. વૃશાલી રોહન રાઊત (બેન) |
| ડૉ. સુનિલભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | અ.સૌ. રાજેશ્રી સુનિલભાઈ રાઠોડ (કાકી) |
| રાજેંદ્રભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | અ.સૌ. પ્રિતીબેન રાજેંદ્રભાઈ રાઠોડ (કાકી) |
| વિનયભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | કુ. મોયરા રોહન રાઊત (ભાણેજી) |
| કિર્તીકુમાર ભવાનજી પરમાર (મામા) | અ.સૌ. રેણુબેન કિર્તીકુમાર પરમાર (મામી) |
| કેતકીબેન તન્મયભાઈ ટાંક (બેન) | સંકેત સુનિલભાઈ રાઠોડ (ભાઈ) |
| પાર્થ રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ) | અ.સૌ. પાયલ પાર્થ રાઠોડ (ભાભી) |

વિનિત રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ)

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



જન્મ : ૧૯.૦૨.૧૯૫૪ — સ્વર્ગવાસ : ૧૧.૧૧.૨૦૨૩

## સ્વ. મનોહરભાઈ હીરજીભાઈ ટાંક (ઉ.વ.૬૯)

દેશમાં ગામ : કુકમા — હાલ મુકામ : સિવની (મ.પ્ર.)

આપનો સદાય હસમુખો ચહેરો અને જીવન જીવવાની ખુમારી,
જીંદાદીલી અને સહાનુભૂતિથી ધબકતું વ્યક્તિત્વ સ્મૃતિપટ પરથી ક્યારેય ભુલાશે નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

**ગં.સ્વ. અરૂણાબેન મનોરભાઈ ટાંક**

| | |
|---|---|
| લેખાંશુ મનોહરભાઈ ટાંક (પુત્ર) | વિરાજ લેખાંશુભાઈ ટાંક (પૌત્ર) |
| ગુંજન લેખાંશુભાઈ ટાંક (પુત્રવધુ) | પર્વ લેખાંશુભાઈ ટાંક (પૌત્ર) |
| એક્તા નિરજભાઈ ટાંક (પુત્રી) | પાન્યા નિરજભાઈ ટાંક (દોહિત્રી) |
| નિરજ કિશોરભાઈ ટાંક (જમાઈ) | હેનલ નિરજભાઈ ટાંક (દોહિત્રી) |

**સમસ્ત ટાંક પરિવાર**


:: સંબંધીત ફર્મ ::

| | | |
|---|---|---|
| M/S. MANOHARBHAI TAUNK<br>AUTHORISED DISTRIBUTOR<br>NAKODA TMT — संकल्प मजबूती का, रिश्ता सदियों का!<br>TATA TISCON — JOY OF BUILDING | M/S. VIRAJ TAUNK<br>DEALER<br>TATA WIRON<br>Mob. 9755576659<br>TATA Wiron — बांधे रिश्तों के तार | M/S. SHRI MANOHARBHAI TAUNK<br>DEALERS<br>TATA SHAKTI & AMBUJA CEMENT<br>TATA SHAKTEE — LIVE WITH PRIDE<br>Ambuja Cement |

Lucky Taunk - 9425438499
Add : Near Railway Crossing, Nagpur Road, Post & Dist. : SEONI (MP) Ph. 07692 220158

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



## બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)



## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન

શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025    Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on November-2024

॥ જય સીયારામ ॥



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.